॥ સ્વામિશ્રીજી ॥


Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર


જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ઓગસ્ટ ૨૦૨૪ * વર્ષ ૩૯ * અંક ૫





હે પ્રભુ ! હે ગુરુદેવ સાહેબજી !
અમને માયામાંથી મુક્ત કરી,
આપની સાથે અતૂટ બંધને જોડાવા
બળ દેજો, રક્ષા કરજો !
અમારી આ પ્રાર્થના સ્વીકારજો પ્રભુ !


સ્વામિશ્રીજી

# "અશ્વિનભાઈ, શાંતિભાઈ અને હું એક જ છીએ !"

**ભગવાનના** દિવ્ય તત્ત્વના ધારક સાધુ આ પૃથ્વીનું પરમ મંગલ છે. મનુષ્ય સ્વરૂપમાં બ્રહ્મસ્વરૂપ આવા સાધુ પૃથ્વીનાં જીવ-પ્રાણીમાત્રના મોક્ષના દ્વારરૂપ છે. પરમ પ્રેમ અને સહજ કરુણાથી સભરસભર આવા સાધુનાં દર્શને દર્શન કરનારાની આંખોનાં પાપ બળે; તેઓના શ્રીમુખે પ્રગટતી ભગવદ્ પરાવાણીથી સાંભળનારાના કાનનાં પાપ બળે, તેઓની સ્મૃતિ સહિત ભગવત્ નામસ્મરણ 'ૐ સ્વામિનારાયણ' મહામંત્રનાં જાપ-ધૂનથી મનનાં પાપ બળે, પરમ શાંતિ થાય; તેઓનાં મહિમા, ગુણ અને દિવ્ય ચરિત્રનાં ગાનથી જીભનાં પાપ બળે; અને માહાત્મ્યેયુક્ત સેવા કરનારના, તેઓની આજ્ઞાપાલન દ્વારા તેઓની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરનાર પર સાક્ષાત્ પ્રભુના રાજીપાના ફળરૂપે સેવા-ભક્તિ કરનારાના સર્વ દોષ ટળી જાય ! આવા સાધુના મહિમા અનંત છે, અપાર છે !

આપણાં સૌનાં કેવાં મહા સદ્‌ભાગ્ય કે ભગવાનના દિવ્ય તત્ત્વના ધારક અને પ્રગટ ગુરુહરિ સાહેબદાદા સાથે અપ્રતિમ ઐક્ય સાધી ભગવદ્ સ્વરૂપ સાધુ આપણને સદ્‌ગુરુઓ પૂજ્ય અશ્વિનદાદા અને પૂજ્ય શાંતિદાદા સ્વરૂપે પ્રભુની કૃપાથી અનાયાસ મળ્યા !

સદ્‌ગુરુઓ પૂજ્ય અશ્વિનદાદા અને પૂજ્ય શાંતિદાદાનાં જીવન અને પ્રસંગો વિશે સાવ સામાન્ય દૃષ્ટિએ પણ વિચાર કરતાં પ્રતીતિ થાય કે, તેઓનાં જીવન કોઈ સામાન્ય મનુષ્યોનાં જીવન નથી ! લૌકિક દૃષ્ટિએ જીવનની અકલ્પનીય વિકટ પરિસ્થિતિઓ દરમિયાન તેઓનાં ગુરુદેવ યોગીબાપા અને ગુરુહરિ સાહેબદાદા પ્રતિ માહાત્મ્ય, દિવ્યતા, નિર્દોષભાવ, પરમ પ્રભુભાવ અચળ રહ્યાં છે એટલું જ નહીં, પરંતુ, તેઓના મનમાં ન તો કોઈ તર્ક-વિતર્ક ઊઠ્યા કે ન તો કુશાગ્ર બુદ્ધિએ કોઈ પ્રશ્ન ઊભો કર્યો ! ગુરુદેવ યોગીબાપાની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી આ બંને ભગવદ્‌રૂપ સદ્‌ગુરુઓનાં દેહ, અંતઃકરણ અને જીવન દિવ્ય અને અદોષ બની રહ્યાં !

આપણા સૌના વ્યક્તિગત અનુભવોએ પણ આપણને સૌને સદ્‌ગુરુઓ પૂજ્ય અશ્વિનદાદા અને પૂજ્ય શાંતિદાદાની પરમ દિવ્ય બ્રાહ્મીસ્થિતિની તો પ્રતીતિ કરાવી છે; પરંતુ, તેઓની અકલ્પનીય દાસત્વભક્તિ અને સહજ સરળતાનાં પણ દર્શન કરાવ્યાં છે. પ્રગટ ભગવાનના સાકાર સ્વરૂપ ગુરુહરિ સાહેબદાદાને ત્રણેય અવસ્થા – જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં ધારીને જીવતા આ સદ્‌ગુરુ સાધુઓ સાહેબસ્વરૂપ જીવી રહ્યા છે. અને, તેથી જ તો ગુરુહરિ સાહેબદાદાના શ્રીમુખે પરમ દિવ્ય શબ્દો સર્યા છે કે, ***"અશ્વિનભાઈ, શાંતિભાઈ અને હું એક જ છીએ..!"***

પ્રભુની શક્તિ અને દિવ્ય તત્ત્વના ધારક આ મંગલમય ત્રિમૂર્તિનું ઐક્યસ્વરૂપ આ પૃથ્વીનું પરમ મંગલ છે. પરમ કલ્યાણકારી મોક્ષના દ્વારરૂપ છે. પ્રભુના દિવ્ય કાર્યને વહેતું રાખી વેગવંતું બનાવવા, પ્રભુના જ સંકલ્પ અને શક્તિતત્ત્વના ધારક આ મંગલ ત્રિમૂર્તિ સ્વરૂપે આપણને પ્રભુના સાકાર તત્ત્વના, તેઓની સામર્થી અને ઐશ્વર્યના, તેઓની કૃપા અને અપાર અકારણ પ્રેમના અનુભવ થાય છે !

૧૫ જુલાઈના મંગલદિન સદ્‌ગુરુ પૂજ્ય અશ્વિનદાદાના પ્રાગટ્યમંગલે અને ૨૭ ઑગસ્ટ સદ્‌ગુરુ પૂજ્ય શાંતિદાદાના પ્રાગટ્યમંગલના આ સુભગ સુયોગે પૃથ્વીના મંગલરૂપ ઐક્ય ત્રિમૂર્તિ પ્રગટ ગુરુહરિ સાહેબજી, સદ્‌ગુરુ પૂજ્ય અશ્વિનદાદા અને સદ્‌ગુરુ પૂજ્ય શાંતિદાદાને અનંત હૃદયવંદન સાથે તેઓને રાજી કરવાના એકમાત્ર ભાવ સાથે તેઓનાં વચન અનુસાર અક્ષરરૂપ રહી પૂર્ણ પુરુષોત્તમની ભક્તિ કરીએ તેવી મંગલ પ્રાર્થના ધરીએ, રૂડો સંકલ્પ કરીએ ! ◆

સા.શ્રી...

~ સાધુ મનોજદાસ



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**શ્રી વચનામૃત સારંગપુર-૭ : 'નૈમિષારણ્ય ક્ષેત્રનું'નું નિરૂપણ**
**૮ જૂન ૨૦૨૪, 'અક્ષરમહોલ', બ્રહ્મજ્યોતિ, મોગરી.**

**આજે** 'વચનામૃત' સરસ છે – 'નૈમિષારણ્ય ક્ષેત્રનું'. આમ જોવા જઈએ તો મોટા પુરુષને બધું ગમતું હોય, તેમને ગમતું-અણગમતું કંઈ હોય જ નહીં. પણ એમની રુચિ આપણને કહે કે, આમાં મારી રુચિ છે. એમ, યોગીબાપા 'મધ્યનું ૬૩ વચનામૃત' બહુ સમજાવતા કે, માણસના જીવને તત્કાળ બળ કેવી રીતે મળે ! ઘણા કહેતા કે, 'બાપા, કરવું છે પણ થતું નથી. વર્તવું છે પણ વર્તાતું નથી. પાળવું છે પણ પળાતું નથી, જવું છે પણ જવાતું નથી.' ઘણા એવા ઢીલા હોય. એ આત્માની નબળાઈ બતાવે છે. 'મધ્યના ૬૩ વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને જણાવ્યું કે, 'આત્માને તત્કાળ બળ પમાડવું હોય તો ભગવાનના સાધુની અને ભક્તોની મન, કર્મ, વચને સેવા કરો તો જીવ તત્કાળ બળને પામી જાય.' સાધુને, ભક્તને મને કરીને નિર્દોષ માનો, વચને કરીને ગુણગાન ને મહિમા ગાવ અને કર્મે કરીને – યુવાન હોવ તો દોડાદોડી કરીને સેવા કરો અને કમાતા હોવ તો એમના અર્થે ૧૦ ટકા સેવા કરો; તો ભગવાન એનાથી રાજી થાય. અને ભગવાન રાજી થાય તો જીવ બળિયો થઈ જાય.

ગુણાતીતાનંદ સ્વામીએ પહેલા પ્રકરણની પહેલી 'વાત'માં કહ્યું, "ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી. ને મહારાજ તો પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહી પધાર્યા છે. તે એવા ને એવા જ છે. ને દેહ મૂકીને જેને પામવા છે, તે આજ દેહ છતા મળ્યા છે, કાંઈ બાકી નથી; ને એમ ન સમજાય તેથી જીવમાં દુર્બળતા રહે છે." જોયું, ભગવાનના સાધુના ને ભગવાનના ભક્તની મહિમાની વાતો શાથી નિરંતર કરવી અને સાંભળવી? તો, પોતાનું અક્ષરધામ એટલે કે, જેમના દ્વારા તેઓ બ્રહ્માંડમાં પ્રગટ રહેવાના છે એવા પોતાના સાધુ ને શાસ્ત્ર ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય લઈને તેઓ પધાર્યા છે; એવું જો સમજાય તો જીવ તાકાતવાળો થાય ને એવું ના સમજાય તો જીવમાં દુર્બળતા રહે છે. ભગવાનનો, સાધુનો, ભક્તનો જેવો છે તેવો મહિમા સમજતા નથી એ જીવની દુર્બળતા છે. એ દુર્બળતા ટાળવી કેવી રીતે ? તમારા શરીરમાં નબળાઈ શાથી છે ? એ ડાયોગ્નાઈસ થાય પછી દવા તો છે જ ! તમે ઢીલું ઢીલું ચાલતા હોવ, પણ ડૉક્ટર દવા આપે એટલે બીજા દિવસે સાજા થઈ જાવ. આ દેહની દુર્બળતા ડૉક્ટરો ટાળે, કારણ, આપણું મૅડિકલ સાયન્સ છે. પણ, જીવમાં દુર્બળતા હોય, આત્માની દુર્બળતા હોય, તે ટાળવા માટે મૅડિકલ સાયન્સ પાસે કશું જ નથી.

એક દીકરીને અંધારામાં રહેવાનું થાય તો તાવ આવી જાય, બહુ બીક લાગે. પછી તેને ધૂન શિખવાડી. એ સ્વામિનારાયણ સત્સંગી હતી નહીં, પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરી. પછી તેને કહ્યું, 'રૂમમાં ધૂન કરતી કરતી લાઈટ બંધ કરી પલંગમાં સૂઈ જજે અને સવારે કહેજે, તારી જોડે કોઈ ભૂત કે કશું આવશે નહીં.' સવારમાં તે હસતી હસતી આવી, એના મગજમાંથી ભૂત નીકળી ગયું. તે કોઈ ડૉક્ટર પાસે ગઈ હોત તો ડૉક્ટર કહેત કે, 'કોઈ મનોચિકિત્સકને બતાવો.' મનોચિકિત્સક કહેત કે, 'તમારા મગજનો એમ.આર.આઈ. કઢાવો, બ્લડ ટૅસ્ટ કરાવો.' પછી બધું ચૅક કરીને ગોળીઓ આપત. પણ મગજનું ભૂત કોણ કાઢે ? આત્માની નબળાઈ કોણ કાઢે ? ધૂન ! માટે આત્માની દુર્બળતા ટાળવા ભજન કરવું. એટલે નબળાઈ ટાળવા શ્રી સ્વામિનારાયણ ભગવાને, યોગીજી મહારાજે સેવા કરવાનું, ધૂન કરવાનું કહ્યું.

અમે બધા યુવાનો, ભણતા ભણતા યોગીબાપા સાથે હેત-પ્રેમથી જોડાયા. યુવાનોનો મોટામાં મોટો પ્રોબ્લૅમ શું ? છોકરીઓનું આકર્ષણ, સિનેમાનું આકર્ષણ, રજોગુણ હોય એટલે સારાં કપડાંનું આકર્ષણ; બિચારા યુવાનો આમાં પિસાયા કરે. બીજાનાં સારાં કપડાં

જુએ તો થાય કે મારે પણ સારાં કપડાં જોઈએ છે. ના મળે તો દુણાયા કરે. છોકરીઓનું આકર્ષણ હોય, તેથી ભણવામાં બેધ્યાન થઈ જાય. એવાં આકર્ષણને દબાવીને ભણવામાં ધ્યાન આપે એ માટે આત્મામાં તાકાત જોઈએ. હવે યુવાનોને 'આવું નહીં કરવાનું, ભણવાનું' એવો તમે ઉપદેશ કરો, પણ અંદર આવું થતું હોય એનું શું કરે ? એનાથી એમને કોણ બચાવે ? યોગીબાપા યુવાનોને એવું કહેતા નહીં કે ના કરશો, પણ બાપા એમને સેવા કરવા લગાડી દે. મંદિરની સફાઈ, જાજરાં-બાથરૂમ સાફ કરવાનાં, પીરસવાનું, વાસણ અજવાળવાનાં, બધા જમી રહે પછી ચોકા સાફ કરવાના - આવી બધી સેવાઓ કરાવી યોગીબાપાએ યુવાનોની યુવાની જિતાડી દીધી. 'મધ્યના ૬૩ વચનામૃત'માં કહ્યું તેમ ભગવાનના સાધુ, ભગવાનના ભક્તની નિર્દોષભાવે મન-વચન-કર્મે સેવા કરો તો જીવ તત્કાળ બળને પામી જાય. એમાં બે-પાંચ-પચ્ચીસ વરસ ના લાગે. તમે સેવા કરો એટલે બળ મળી જ જાય, નબળાઈમાંથી તમે બહાર નીકળી જ જાવ.

એવું શાસ્ત્રીજી મહારાજની રુચિવાળું 'નૈમિષારણ્ય ક્ષેત્રનું' આ વચનામૃત ! શાસ્ત્રીજી મહારાજ ઘણી વખત વંચાવતા. હિમાલયમાં એક એવો આશ્રમ છે, એવી જગ્યા છે કે જેનું 'નૈમિષારણ્ય' નામ આપેલું છે. ત્યાં તમે આશ્રમની સાત માઈલની રૅન્જમાં પ્રવેશો, જાવ તો તમને એકદમ શાંતિ શાંતિ થઈ જાય. જેમ અત્યારે બહાર કેટલો બધો તાપ છે ? પણ અહીં હૉલના દરવાજામાંથી અંદર પ્રવેશો એટલે વાતાવરણ એકદમ ઠંડું લાગે. એમ, જે ફિલ્ડમાં તમે જાવ, એની તમારામાં માનસિક રીતે અસર થાય. આપણને થાય કે, એવું શું હશે ? તો સત્પુરુષની ત્યાં હાજરી ! ભગવાન અથવા ભગવાનધારક સાધુ જ્યાં હાજર હોય ત્યાં આખું વાતાવરણ નૈમિષારણ્ય ક્ષેત્ર બની જાય. જ્યાં તમારી બધી વૃત્તિઓમાં જે રાગ છે, વિષય છે તે ખસી જાય ને તમારા આત્માનો જે ખરો આનંદ છે તે પ્રગટ થાય; એ નૈમિષારણ્ય ક્ષેત્ર ! એનું આ વચનામૃત છે.

**અને શ્રીજી મહારાજે શ્રીમદ્ ભાગવત પુરાણના પ્રથમ સ્કંધની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો હતો. ત્યારે તેમાં એમ વાર્તા આવી જે, જ્યાં મનોમય ચક્રની ધારા કુંઠિત થાય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.**

મનોમય ચક્ર એટલે મન-ઈન્દ્રિયોની ધારા કુંઠિત થાય એટલે જગતનું બધું નકારાત્મક વિચાર કરવાનું જ્યાં છૂટી જાય એને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.

**મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, હે મહારાજ ! એ મનોમય ચક્ર તે શું છે ને એની ધારા તે શી સમજવી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, મનોમય ચક્ર તે મનને જાણવું અને એની ધારા તે દશ ઈન્દ્રિયો છે એમ જાણવું.**

મન-મનોમય ચક્ર ફરતું જ હોય. આપણું મન તમે જુઓ, અહીં બેઠા છીએ તોય ઈંગ્લૅન્ડ, અમેરિકા જ્યાં તમે ગયા હોવ ત્યાં બધેય આંટા મારી આવે. એટલે એને મનોમય ચક્ર કહ્યું. પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિય એમ દસ ઈન્દ્રિયો એ ચક્રના આરા છે. નાક, કાન, આંખ, જીભ અને ત્વચા જેનાથી જ્ઞાન થાય. ત્વચા-સ્પર્શનું જ્ઞાન થાય, કાન-શબ્દ સાંભળીને સંદેશો મગજને પહોંચાડે. એવી પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય એ મનોમય ચક્રના દશ આરા છે.

**અને તે ઈન્દ્રિયોરૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બૂઠી થઈ જાય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે તે દિન-દિન પ્રત્યે વૃદ્ધિ પામે. એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.**

જોયું ! આપણને એમ થાય કે, બધા ઋષિકેશ -હરિદ્વાર કેમ જાય છે ? ગોંડલ, વડતાલ, પાલીતાણા કે જૂનાગઢ કેમ જાય છે ? ઘણા ડાહ્યા

જ્યાં તમારી બધી વૃત્તિઓમાં જે રાગ છે,
વિષય છે તે ખસી જાય
ને તમારા આત્માનો જે ખરો આનંદ છે
તે પ્રગટ થાય;
એ નૈમિષારણ્ય ક્ષેત્ર !





**ભગવાન અથવા ભગવાનધારક સાધુ જ્યાં હાજર હોય ત્યાં આખું વાતાવરણ નૈમિષારણ્ય ક્ષેત્ર બની જાય.**

એવું કહે કે, 'ઘરે બેસીને ભજન નથી થતું ? મંદિરે શું કામ જાય છે ?' એવાને કહીએ કે, 'ઘરે રહીને નથી ભણાતું ? સ્કૂલે શું કામ જઉં છું ?' ઘરમાં ભણવાનું વાતાવરણ ના હોય – મહેમાનોની અવરજવર થતી હોય, જગતની વાતો થતી હોય એમાં ભણાય નહીં. કૉલેજ કે સ્કૂલમાં જાવ તો સરખેસરખા છોકરાઓ હોય એમની સાથે સ્માર્ટનેસ આવે, શિસ્ત આવે, પૉલિશ થાય. બુદ્ધિમાન તો થાય પણ સાથે ત્યાંના વાતાવરણની અસરથી તેના વ્યક્તિત્વનો વિકાસ થાય. આવી બધી પ્રગતિ કરાવવી હોય તો સ્કૂલમાં, કૉલેજમાં જવું પડે. એમ, ભક્તિ ઘરે પણ થાય, મહારાજે ના નથી પાડી. પણ, મંદિરે કે આશ્રમમાં જવાથી ભક્તિમાં આનંદ આવે. એટલે બધા આશ્રમમાં જતા હોય છે, મંદિરે જઈને ધ્યાન-પ્રાર્થના કરતા હોય છે. ત્યાં સાધુ-સંતો-ભક્તો બધા એવું જ કરતા હોય એટલે એમની સાથે રહીને આપણને વધારે ઉત્સાહ-ઉમંગ પ્રગટતો હોય છે. તો, એવું નૈમિષારણ્ય ક્ષેત્ર કયું ? તો જ્યાં મહારાજ બિરાજમાન હોય, સંતો બિરાજમાન હોય !

આ મંદિરમાં ૨૦૨૦માં મૂર્તિપ્રતિષ્ઠા કરી. તે પછી કોઈ દિવસ અહીં આવીને કોઈએ ભારત દેશનો વિકાસ આમ થશે અને આમ કરી નાખીએ એવી જગતની કોઈ વાતો કરી નથી. કોઈના ઘસારાની વાતો થતી નથી. કોઈના દોષની ચર્ચા નહીં, કોઈની ટીકાટિપ્પણ નહીં; કેવળ ને કેવળ ભગવાનની ધૂન-ભજન-પ્રાર્થના અને કથાવાર્તા થાય છે. એને લઈને સમગ્ર વાતાવરણમાં પ્રભુની દિવ્યતા પ્રસરતી હોય છે ! તેથી અહીં આવીને આપણે બેસીએ એટલે આપણને વિના પ્રયાસે ધ્યાન થઈ જાય, ધ્યાન કરવા માટે પ્રયત્ન ના કરવો પડે. આખું વાતાવરણ ધ્યાન કરવાને યોગ્ય તૈયાર જ છે. જ્યાં એવા સત્પુરુષ છે એ નૈમિષારણ્ય ક્ષેત્રરૂપ છે. કારણ કે, એવા સત્પુરુષ જ્યાં હાજર હોય ત્યાં એમની હાજરીથી, એમનાં આંદોલનથી જ નકારાત્મક ભાવો-નૅગેટિવિટી જતી રહે, દિવ્યતા પ્રગટી જાય. તો કેવી રીતે ? તો જેમ જગતનાં તોફાની તત્ત્વ કે ચોર પોલીસ કે ડી.એસ.પી. પાસે ઊભાં જ ના રહે, એમનાથી દૂર જતાં રહે. એમને કહેવું ના પડે કે તમે જતાં રહો, તેઓ ભાગવાં જ માંડે. એટલે ઘરે સંતોની પધરામણી કરાવવાની. જે સંતોએ ઘરસંસાર છોડ્યો છે, ઘરની વાત છોડી છે, જેમાં એમને કોઈ રસ નથી, એવા સંતોને આપણા ઘરે આવવામાં શો રસ હોય ? પણ ભક્તોનો ભાવ હોય એટલે ઘરે આવે. એવા સત્પુરુષ-ભગવાનધારક સાધુ ઘરે આવીને ઊભા રહે તો એમની હાજરીથી આખું ઘર દિવ્યતાસભર થઈ જાય, વાતાવરણ દિવ્ય થઈ જાય. અને પછી એ ઘરમાં જેઓ રહેતા હોય એમને ભજન-ભક્તિમાં સરસ કામ લાગે. સંતોની પધરામણી થાય એટલે ત્યાં એમની દિવ્યતા વ્યાપે.

તમને ખબર હશે, ૧૯૪૫માં અમેરિકાએ ઍટમ બૉમ્બનો પહેલામાં પહેલો પ્રયોગ જાપાન પર કર્યો. તેથી વર્લ્ડ વૉર બંધ થઈ ગઈ, પણ જાપાનના નાગાસાકી અને હિરોશિમા પર બૉમ્બ પડ્યા ત્યાં તો હજારો માણસ મરી ગયાં. જાપાન તો ટાપુ છે તેથી દરિયામાં રેડિયો ઍક્ટિવ કિરણો ભળ્યાં તેનાથી તાઈવાન, ચાઈના ને સામે કિનારે જેઓ નહાતાં હતાં તેમનાય વાળ ખરી પડ્યા. હજી આજની તારીખે પણ ત્યાં ડિસેબલ છોકરાં જન્મે છે. એટલે જે માણસ ભણેલાં છે, જેમને ખબર છે, જેમને સાયન્સની દૃષ્ટિ છે, તેઓ ઍટમ બૉમ્બથી ઘબરાય છે. કારણ કે, એક વખત ઍટમ બૉમ્બ ફૂટે તો પાંચ-પચાસ હજાર માણસ મરી જાય. મરી જાય એ તો ખરાબ બાબત જ છે, પણ પછી લાંબા સમય સુધી એની ખરાબ અસર માનવજાતિ પર પડે છે, અને એ ભયંકર છે. એટલે માણસો ઍટમ બૉમ્બથી ધ્રૂજી જાય છે. જો સામાન્ય ઍટમ બૉમ્બ પડે તો એની અસર વર્ષો સુધી રહે, તો આ ભગવાનના સાધુ તો ઍટમ બૉમ્બથી હજારોગણી તાકાતવાળા છે, તો એમની તાકાત આ વાતાવરણમાં અને આપણાં મગજ પર કેટલાં વર્ષો સુધી રહે, તમે વિચાર કરો ! એટલે મંદિરે દર્શન કરવા આવવાનું, ભક્તો સાથે બેસવાનું, સભામાં બેસવાનું ; એની આત્મા પર સખત અસર થતી હોય છે.

'નૈમિષારણ્ય ક્ષેત્ર'નું વર્ણન છે કે, જ્યાં મન અને દસ ઇન્દ્રિયો-પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયોની ધારા કુંઠિત થઈ જાય. ગુજરાતીમાં કહેવત છે કે, 'જેણે મન જીત્યું એણે જગત જીત્યું.' પણ, મન જીતવું કેવી રીતે ? એ કંઈ નટ-બૉલ્ટ નથી કે ખોલીને તેને પૅક કરી દઈએ. મનને કોઈ દિવસ જિતાય નહીં. એમ કહેવામાં આવે કે, 'આંખ મીચીને ધ્યાન કરો અને કોઈએ વાંદરાનું ધ્યાન કરવાનું નથી.' તો બધાંના મગજમાં વાંદરાના જ વિચારો આવશે. ધ્યાનમાં મન વાંદરું જ પકડી લાવશે. એટલે જે ના કહે એ જ મન કરે. તમે વિચાર કરો, એવા મનને વશ કેવી રીતે કરવું ? મનને વશ કરવું હોય તો મહારાજે કહ્યું, એવા સત્પુરુષ જ્યાં બિરાજમાન હોય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર છે. ત્યાં મનની ધારા બુઠ્ઠી થઈ જાય. એટલે ત્યાં તપ, ત્યાગ, ધ્યાન કરીએ તો આધ્યાત્મિક ઉત્થાન માટે તેનાથી આપણને સારામાં સારું રિઝલ્ટ મળે.

**એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું.**


મહારાજે ફરી નિર્દેશ કર્યો કે, પરમ એકાંતિક સાધુ જ્યાં રહેતા હોય એ નૈમિષારણ્ય ક્ષેત્ર ! પછી એ એક નૈમિષારણ્ય ક્ષેત્ર ના રહ્યું. કોઈ પણ સંપ્રદાયમાં એવા ઓલિયા સાધુ હોય ત્યાં જઈને તમે બેસો તો કહેવું નહીં પડે, તમને શાંતિ શાંતિ થઈ જશે. તો એવા સંતને, સાધુને ઓળખવા કેવી રીતે ? રૂડા રૂપાળા હોય, વૅલ ડ્રેસ્ડ હોય, મર્સિડિઝ કે રૉલ્સરૉય ગાડીમાં ફરતા હોય, તેઓ જતા હોય તો પાંચ ગાડી આગળ ને પાંચ ગાડી પાછળ હોય, મોટા બંગલામાં રહેતા હોય, મોટા મોટા મિનિસ્ટરો, લક્ષાધિપતિઓ ને મોટાં મોટાં માણસો જેમની આજુબાજુ ફરતાં હોય, જાહોજહાલી હોય, તેઓની પાસે લાખો માણસો ભેગાં થતાં હોય, દોઢ-બે મહિને અપૉઇન્ટમૅન્ટ મળતી હોય - એટલે એ બહુ મોટા સાધુ છે ? સાધુની આ ઓળખ છે ? ના, એ સાધુની ઓળખ નથી. એ ઓળખ, એ બૅરોમીટર તો જગતનું છે. આપણે જગતમાં રહીએ છીએ માટે મટિરિયાલિસ્ટિક જીવનમાં જે બૅરોમીટર છે એ જ બૅરોમીટર આપણે સાધુ પર લગાવીએ છીએ. પણ ના, એ બૅરોમીટર સાચું નથી. મોટા બંગલામાં રહે-ના રહે એનો સવાલ નથી, એમને જ્યાં રહેવું ત્યાં રહે, સાધુ તો સ્વતંત્ર છે. પણ સાધુને ઓળખવા કેવી રીતે ? તો પહેલામાં પહેલું નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું, 'શાંતિ પમાડે તેને સંત કહીએ.' તમે એમની પાસે જાવ તો શાંતિ થાય. શાંતિ ક્યારે થાય ? અંદર રહેલું પેલું મન કૂદકો મારતું બંધ થઈ જાય, શાંત થઈ જાય તો શાંતિ થાય.

અહીંયાં મંદિરમાં દાખલ થયા તો એવું કહેવું પડે, બહાર બૉર્ડ કે પાટિયું મૂકવું પડે કે, 'અમારો આ 'અક્ષરમહોલ' એ ઍરકંડિશન્ડ હૉલ છે !' તોય બધા કહે કે, 'ઍરકંડિશન્ડ હૉલ છે.' આપણે પૂછીએ કે, 'કોણે કહ્યું એમને ?' એમાં કહેવાનું શું ? બહાર ગરમી છે ને અહીં બેઠા તો ઠંડક થઈ તો ઍરકંડિશન જ છે ને ! એમ, 'શાંતિ પમાડે તેને સંત કહીએ.' - એવા સાધુ પાસે જઈએ તો શાંતિ થાય. સાધુને મળવાથી-સાધુને ઓળખવાથી તરત શાંતિ થાય. પછી તેમની સાથે વાતચીત કરતાં આપણા મનનાં, બુદ્ધિનાં સમાધાન મળે. અને પછી એમની આજ્ઞા પાળતાં આપણે બદલાતાં જઈશું. તો એ સાચા સાધુની નિશાની છે ! અને એવા સાધુ નૈમિષારણ્ય ક્ષેત્રરૂપ છે. એટલે અહીં બ્રહ્મજ્યોતિ રહેવા આવવાનું, ખ્યાલ આવ્યો ? અશ્વિનભાઈ ને સંતો એટલે સૌને આ શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં બોલાવે છે. ઘરે તમે ધૂન-ભજન કરો અને અહીંયાં કરો તેમાં ફેર પડે, એટલી તાકાત ઠાકોરજીના સાંનિધ્યમાં છે; એ નૈમિષારણ્ય ક્ષેત્ર !

મનની ધારા બુઠ્ઠી થઈ જાય. બુઠ્ઠી થઈ જાય એ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને દાખલો આપ્યો છે. જેમ તીર હોય, તેમાં આગળ એનું ભાલોડું હોય. સામે મારો એટલે ખચ દઈને અંદર પેસી જાય. પણ આગળનું ભાલોડું કાઢી લો પછી તમે બાણ મારો તો ઠપ દઈને નીચે પછડાય. કારણ કે, ભાલોડાની આગળની જે તીક્ષ્ણતા એ નીકળી ગઈ એટલે એ બુઠ્ઠું થઈ

ભગવાનધારક સાધુ ઘરે આવીને ઊભા રહે તો
એમની હાજરીથી આખું ઘર દિવ્યતાસભર થઈ જાય,
વાતાવરણ દિવ્ય થઈ જાય.
સંતોની પધરામણી થાય એટલે ત્યાં
એમની દિવ્યતા વ્યાપે.





**સાધુને મળવાથી–સાધુને ઓળખવાથી તરત શાંતિ થાય. પછી તેમની સાથે વાતચીત કરતાં આપણા મનનાં, બુદ્ધિનાં સમાધાન મળે. અને પછી એમની આજ્ઞા પાળતાં આપણે બદલાતાં જઈશું**

ગયું. તેથી કોઈ જગ્યાએ તે ભરવાય નહીં. એમ, મનની ભરવાવાની, હલવાવાની જે તીક્ષ્ણતા એ સત્પુરુષની પાસે તપ કરવાથી બુઠ્ઠી થઈ જાય, પછી મન કોઈ જગ્યાએ ભરવાય નહીં. મનની ધારા બુઠ્ઠી થાય એની સાથે દશ ઇન્દ્રિયો–પાંચ કર્મેન્દ્રિય ને પાંચ જ્ઞાનેન્દ્રિય એ પણ બુઠ્ઠી થાય. એટલે પછી એને સ્પર્શ–એક ભગવાન ને સત્પુરુષનો જ ગમે. સ્વાદ–ભગવાનની સ્મૃતિ સહિત પ્રસાદ જમે એનો જ એને સ્વાદ આવે. દર્શન–જોવાના તો બધાને છે, પણ બધામાં રહેલા પ્રભુનાં દર્શન કરે. સાંભળવાની–કથાવાર્તા, ગુણગાન ને મહિમાની વાતો જ ગમે, એ સિવાયની કોઈ વાત હોય તો એને ગમે નહીં–એ કાનની વૃત્તિ બુઠ્ઠી થઈ ગઈ કહેવાય. આ રીતે પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય ભગવાન રાજી ના થાય એવી પ્રવૃત્તિ ના કરે; આવું થાય એટલે માણસ સુખિયો થઈ જાય.

**અને જ્યારે મનોમય ચક્રની ઇન્દ્રિયોરૂપ જે ધારા તે બૂઠી થઈ જાય ત્યારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ...**

શબ્દ–કોઈ કહે, 'અહોહો તમે તો કનૈયા કુંવર જેવા છો !' તો ફૂલીને ફાળકો નહિ થવાનું. અને બીજો કહે, 'સાવ ડોબા જેવો છું.' તો આપણે કહેવાનું કે, 'કો'ક જન્મે તો ડોબો હોઈશ ને ! તમે કહી દીધું તે સારું થયું.' કોઈ કહે, 'મારા હારા' તો એવું કહેવાનું, 'ઓહોહો...! તમારા જેવા બનેવી ક્યાંથી ?' એટલે પેલો શરમાઈ જશે. યોગીજી મહારાજ એક હરતીફરતી યુનિવર્સિટી હતા. એમણે જુવાનિયાઓમાં ગુસ્સો ને જે બધું હતું એમાંથી બહાર કાઢીને સાચી દૃષ્ટિ આપીને સાધુતાના ગુણે જીવન જીવતાં શીખવાડ્યું. કોઈ સારું કહે તોય ભગવાનને માથે અને કોઈ ખરાબ કહે તો એવો તો હું છું જ નહીં પછી મારે શું ફિકર કરવાની ? શબ્દ પછી સ્પર્શ. સ્પર્શ–ભગવાનનો ગમે. જેનો સ્પર્શ થાય તો અમારા સ્વામિનારાયણ પ્રભુનો સ્પર્શ ! રૂપ–પ્રભુનું રૂપ, મહારાજની મૂર્તિનું રૂપ! ઓહોહો ભગવાને આને કેટલું સુંદર રૂપ આપ્યું છે ! એવા ભાવથી તમે જોશો તો એમાં રહેલું જે આકર્ષણ – જે ભૂખ એ તમારી નીકળી જશે.

તમે જુઓ, અત્યારે કોઈ તમને પેંડો આપે, તો કહીએ કે, 'ના ભાઈ, ડાયાબિટીસ છે તેથી નહીં ખવાય.' પણ એ જ માણસ પેંડો લઈને આવે ને કહે કે, 'લ્યો પ્રસાદ છે, તો તરત હાથ ધરીએ.' એની એ જ વસ્તુ પ્રસાદના રૂપમાં તમને મળે તો તરત હાથ લાંબો કરીએ. તો શો ફરક પડ્યો ? પ્રભુ પાસે ધરાવીને આવેલી વસ્તુ 'પ્રસાદ' કહેવાય. હવે શું પ્રસાદ કહેવાય ? ભગવાન પાસે જે થાળ મૂકો તેનું વજન કરીને મૂકજો, અને ભગવાનને ધરાવ્યા પછી તેનું વજન કરશો તો એમાં કશો ફરક નહીં પડ્યો હોય. પણ તેમાં જે સ્પિરિચ્યુઅલ રિએક્શન થાય એ મટિરિયલ સાયન્સવાળાને ખબર નહીં પડે. જગતની રીતે જોઈએ તો તે બરાબર છે, સાચો છે, પણ આધ્યાત્મિક રીતે જોઈએ તો એમાં રહેલાં જે નકારાત્મક તત્ત્વો, માનવ શરીરને દુઃખી કરાવે એવી બધી વસ્તુઓ, એની પર ભગવાનની દૃષ્ટિ પડે એટલે પ્યૉર થઈ જાય. જે માણસ એ પ્રસાદ લે એના શરીરમાં દિવ્યતા ડેવલપ થાય. જેણે પ્રસાદ ધરાવ્યો છે, એનો ભાવ ભગવાન સ્વીકાર કરે છે અને એ પ્રસાદમાં રહેલી સ્થૂળતા અને માનવજીવનને હાનિકારક વસ્તુઓ સાફ થઈ જાય છે.

તે કેવી રીતે ? તો તમે જુઓ તો, ઘણા પૅશન્ટને જોવા તમને હૉસ્પિટલમાં જવા ના દે. ભલે તમે ચોખ્ખાં કપડાં પહેરીને જાવ તોય તમને ના જવા દે; કારણ કે, દર્દીની ઇમ્યુનિટી એટલી લૉ થઈ ગઈ હોય કે એમને ઇન્ફેક્શન થઈ જાય. ઇંગ્લૅન્ડમાં એક વખત આપણા એક સત્સંગી ભાઈ બીમાર હતા. એમની ઇમ્યુનિટી એટલી બધી લૉ થઈ ગઈ હતી કે, હૉસ્પિટલમાં કોઈને એમને મળવા જવા ના દે. અમારે એમને મળવા જવું હતું, તેથી હૉસ્પિટલ ગયા. જાણ્યું કે, ભારતથી આવ્યા છે અને સગા છે એટલે અમને પરમિશન આપી. પણ એમણે એક ટનલ બનાવીને એમાંથી અમને પસાર કર્યા ને પછી અમે મળવા ગયા. એ ટનલમાં નરી આંખે દેખાય નહીં એવાં રેઈઝ પસાર થતાં હતાં. એમાંથી પસાર થયા એટલે માથાના વાળથી લઈ આખા શરીર પર રેઈઝ પસાર

થયાં. એટલે કપડાં-વાળ ઉપર ઇમ્યુનિટીને લીધે ઇન્ફેક્શન કરે એવા બધા બૅક્ટેરિયા મારી નાખ્યા. આપણને તો કંઈ ખબર પણ ના પડે. આપણે તો એવા ને એવા જ હોઈએ. આપણાં કપડાંને ડાઘો પણ ના પડે. ટનલની રેઇઝ થેરાપીમાંથી પાસ થયા તો બધા બૅક્ટેરિયા મરી ગયા એની ખબર પણ ના પડે. પણ હવે પૅશન્ટને નો પ્રૉબ્લેમ ! એમ, ભગવાન પાસે જે મૂકીએ છીએ, ધરાવીએ છીએ એ ભાવ ભગવાન ગ્રહણ કરી, એમાં દિવ્યતાનો ભાવ ઉમેરીને આપણને પહોંચાડે છે. અને એ દિવ્યતા આપણામાં કામ કરે છે; એટલે પ્રસાદની કિંમત છે. મંદિરમાં ભગવાન સમક્ષ કોઈ લાડવો મૂકે તે નૉર્મલ લાડવો લાગે, પણ પ્રસાદ છે એટલે બધા થોડો પણ લે. એ શું છે ? તો ભગવાનની દિવ્યતા એની સાથે આવે છે. એટલે જમીએ એ પ્રભુએ આપેલ પ્રસાદ છે એવું માનીને પ્રસાદરૂપે જમીએ તો સ્વાદની ઇન્દ્રિય બુઠ્ઠી થઈ જાય. દર્શન કરીએ તો પ્રભુના ભાવથી દર્શન કરીએ તો રૂપ ને બધી ઇન્દ્રિયો બુઠ્ઠી થઈ જાય. સ્પર્શ પ્રભુના ભાવથી કરીએ તો સ્પર્શની ઇન્દ્રિય બુઠ્ઠી થઈ જાય. એમ, પાંચ કર્મેન્દ્રિયથી પાંચ વૃત્તિ થાય, પણ ભગવાનને રાખીને કરીએ તો મનની ધારા કુંઠિત થાય, થાય ને થાય જ. અહંતા-મમતા, કામ-ક્રોધના દોષ ઓગાળવા માટે લોકો ઉગ્ર તપશ્ચર્યા કરે છે તોય ઓગાળી નથી શકતા. તો મહારાજે કહ્યું કે, એવા સત્પુરુષના સાંનિધ્યમાં રહીને તમે આ બધું કરો તો મનની ધારા બુઠ્ઠી-કુંઠિત થઈ જશે. દોષમાત્ર ટળી જશે.

**એ પંચવિષયને વિષે ક્યાંઈ પ્રીતિ રહે નહીં અને જ્યારે કોઈ રૂપવાન સ્ત્રી દેખાય...**

તમે જુઓ, અમારા ઘણા વ્રતધારીઓ એવા હતા કે, એમને સાધુ નહોતું થવું, એમને એવી ઇચ્છા નહોતી. પણ ઘણા યુવાનો વૅકેશનમાં અહીં આવીને રહ્યા. મહારાજે આ જે કહ્યું કે, તમે સાવ કોરી સ્લૅટ હોવ, તમારા ઍટિટ્યૂટ સાવ નૅગેટિવ હોય, પણ જ્યાં સાધુ રહેતા હોય, નમી-ખમીને સૌ રહેતા હોય ત્યાં જઈને તમે સેવા-પૂજા-પ્રાર્થના કરો તો તમે બદલાવ, બદલાવ ને બદલાવ જ. અને તમે મોટા નિયમ-ધર્મ ને બધું પાળતા હોવ, પણ મૅનહટન જેવા ઍરિયામાં તમે રહો તો ક્યારે આ નિયમ-ધર્મ ને બધું છૂટી જશે એની તમને ખબર પણ નહીં પડે. પણ સત્પુરુષની સાથે તમે મૅનહટનમાં રહો તો પણ નો પ્રૉબ્લેમ ! મહારાજે આ કહ્યું. આપણા સ્વામિનારાયણ, જૈન, વૈષ્ણવ સંપ્રદાયમાં એવા અનેક પ્રતાપી સાધુઓ છે કે, જેમણે હજારો યુવાનોને આ રીતે જીવતા કરી સાચા માર્ગે દોર્યા છે. મહારાજે કહ્યું, 'અમે મૂર્તિઓ દ્વારા પ્રગટ રહીશું, સાધુઓ દ્વારા પ્રગટ રહીશું ને શાસ્ત્રો દ્વારા પ્રગટ રહીશું.'

તમે જો કોઈ સાધુને પૂછો તો પછી તેઓ કહે તેમ કરો. પણ જો તમને સાધુનો યોગ ના હોય તો મૂર્તિ પાસે જઈને પ્રાર્થના કરો તો મહારાજ કહે, 'અમે તમને જવાબ આપીશું અને ગુંચાવ તો 'વચનામૃત' કાઢીને વાંચશો તો એમાંથી તમને જવાબ મળશે.' આટલી ઑથેન્ટિક વાત શ્રી સ્વામિનારાયણ ભગવાને કરી છે. ભગવાન શ્રી રામ, ભગવાન શ્રી કૃષ્ણ, ભગવાન શ્રી મહાવીર, ભગવાન શ્રી બુદ્ધ, શ્રી સ્વામિનારાયણ ભગવાન-તેઓ મારાં-તમારાં ઉત્થાન કરવા આવ્યા છે ને તેઓએ જે વાતો કરી એ આત્મલક્ષી છે-આત્માના ઉત્થાન માટે છે. આધ્યાત્મિક ઉત્થાન કરવું એ માનવજીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય છે. મોંઘામાં મોંઘા માનવદેહનો આ રીતે શ્રેષ્ઠ ઉપયોગ કરીએ.

પૈસા પ્રૉબ્લેમ નથી કે તમે ભણો એ પ્રૉબ્લેમ નથી કે સમાજમાં મોટા હોદ્દા પર હોવ એ પ્રૉબ્લેમ નથી. પણ, ભગવાનના થઈને નથી જીવતા એ પ્રૉબ્લેમ છે. ભગવાનના થઈને જીવો, સત્પુરુષને રાખીને આખી દુનિયાનું રાજ કરોને, તો ભગવાન કહે, એ તમને બંધનરૂપ નહીં થાય. પણ તમારી જાતે લંગોટીભેર રહેશો તો લંગોટી પણ તમને બંધનરૂપ થશે. એટલે ભગવાનને રાખીએ તો કાંઈ બંધન થાય નહીં. ભગવાનને ને સત્પુરુષને રાખવા એ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું.

શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

આધ્યાત્મિક ઉત્થાન કરવું એ
માનવજીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.
મોંઘામાં મોંઘા માનવદેહનો
શ્રેષ્ઠ ઉપયોગ કરીએ.






# સાધુહૃદયની પ્રાર્થનાગંગા



## પ્રારંભ શુભ થયો

પૂર્વના સંબંધનો સરવાળો થયો
દેહભાવ અને 'સ્વ' સહિતનું જીવન મળ્યું
શાસ્ત્રીજી મહારાજે કંઠી બાંધી સ્વીકાર કર્યો
સમજ આવતાં યોગીબાપા મળ્યા
પ્રેમમાં ઝબોળી પોતાનો કર્યો
સાધના માર્ગે સ્વીકારવા અનુગ્રહિત કર્યો
કેવળ કૃપા કરી સાહેબજી આપ્યા
અત્યંત કૃપા કરી સાહેબજી–યોગીજી એકરૂપ મનાવ્યા
સાહેબજીમાં પૂર્ણ સમર્પણના સંકલ્પ થતા રહ્યા
પ્રાર્થના ભજનના બળે 'સ્વ'નાં દર્શન થતાં ગયાં
'હું' ટળે હરિ ઢૂંકડા... તે ટળાય દાસે રે...
મુક્તાનંદ સ્વામીજીની આ કીર્તનપંક્તિ
યોગીબાપાના બ્રહ્મનાદે અંતરે ગુંજતી રહી
દાસત્વભાવ દઢ કરવાના સંકલ્પ દઢ થતા જ ગયા
સાહેબજી શ્રીજી સ્વામીનું પ્રત્યક્ષ સ્વરૂપ
તેઓના દાસ બની જ જવું...
સાહેબજી પ્રત્યક્ષ સ્વરૂપ...
તો તેના સંબંધી... સંબંધે બ્રહ્મરૂપ
તે માહાત્મ્યનો સાક્ષાત્કાર કરી જ લેવો
પ્રભુના બળે તે કરવું જ... કરવું.
સતત તે અનુસંધાનનું જીવન બન્યું
વિચારમાં પણ તે સતત સાથે રાખવું
તે સંકલ્પ દઢ થયો...
સાહેબજીના મહિમાના વિચારે લીન થવાયું
સ્મૃતિમાં ને સદેહે દર્શન થતાં રોમેરોમે હર્ષ છલકે
સંબંધવાળા મુક્તોનાં દર્શન વંદન થઈ જાય
તેઓ સર્વના ગુણના વિચારે લીન થવાય
સાહેબજીનો બ્રહ્મનાદ સંભળાય ત્યાં ભાવવિભોરતા
મુક્તો સાથે ચર્ચા કરતાં દાસત્વનું જાણપણું
ભજન કીર્તનના શબ્દો...
જો મૂર્તિનું ભજન હોય તો તંત્ર મૂર્તિમાં લીન
શબ્દો જો પ્રાર્થનાના હોય તો પ્રાર્થના–અભીપ્સા
શબ્દો જો ઉપદેશના હોય તો તે સ્વીકારવા ઝંખના
તે શબ્દોને જીવનમાં ઉતારવા પ્રભુબળની માંગણી
કોઈ મુક્ત કામ ચીંધે તો મન બુદ્ધિ સ્વીકારે તે તત્પરતા
તે કરવામાં દેહ આડો ન આવે... તે જાણપણું
સાહેબજી સદેહે બોલાવે... કે ફોન પર બોલાવે
બ્રહ્મનાદ સાંભળતાં અહોભાવ છલકે
આંખે અશ્રુ વહે... થાય કે
મને સાકાર બ્રહ્મનું સ્વરૂપ બોલાવે છે
જેનાં દર્શન કરું છું તે બ્રહ્મસ્વરૂપ
તે વિચારમાં આવતાં જ માહાત્મ્યસભરતા ભીંજવી દે
તેઓના ચરણે સમગ્ર ઝૂકી જાય
મન બુદ્ધિ ચિત્ત મૂર્તિમાં એકાકાર થઈ જાય,
અંતરે સહજાનંદ પ્રગટી જાય.
શરૂઆત મર્યાદિત સમય પૂરતી આ અનુભૂતિ
સમય જતાં સહજાવસ્થામાં સતત અનુભવાઈ
સર્વત્ર–સર્વમાં કેવળ મારો પ્રભુ
તે વિચારે આનંદ... સહજાનંદ સભરતા !
હે દયાળુ પ્રભુ ! હે બાપા ! હે સાહેબજી !
આપનાં અનુગ્રહ–કૃપા–આશિષ
સતત–સહજ તે અનુભૂતિ
તેની પ્રાપ્તિની મસ્તી
આજે છે તે શાશ્વત કરો !
સમગ્રને આપમાં એકાકાર રાખો !



સાધુ [illegible]ના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ... ભારત, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૩
(સાહેબજી જે 'પરિમલ' ૨૧૨માં સોફા પર બેસી ધ્યાન–પૂજા કરતા
તે પર બેસતાં માહાત્મ્યસભરતાના વિચારે લખ્યું.)



# અનુપમની હે અમૃતધારા...!

**નૉરવૉક, લૉસ ઍન્જલસ-યુ.એસ.એ. સ્થિત મંદિરજીની**
**પ્રથમ પાટોત્સવસભામાં આશીર્દાન, ૩ જુલાઈ ૨૦૨૪**

**કેલિફૉર્નિયા** રાજ્યમાં નૉરવૉક-લૉસ ઍન્જલસ ટાઉનમાં મંદિર નિર્માણની વાતો જ્યારથી વૅરહાઉસ લીધું ત્યારથી સાંભળતા આવ્યા છીએ અને હજુય સાંભળીએ છીએ. વૅરહાઉસમાંથી મંદિર થયું એટલે જે પરિવર્તન થયું તે સ્થૂળ રીતે પણ થયું, સૂક્ષ્મ રીતે પણ થયું અને આધ્યાત્મિક રીતે પણ આપણાં સર્વનું ઉત્થાન થઈ રહ્યું છે; એ પ્રભુકૃપા-ગુરુકૃપાનું સુખદ પરિણામ છે ! મંદિર નિર્માણના કાર્યમાં જેમણે જેમણે સેવાઓ કરી, એ સૌને પ્રાણપ્રતિષ્ઠા વખતે આપણે બિરદાવ્યા, એમનો હૃદયપૂર્વક આભાર માન્યો. એ જ પ્રમાણે આ આખા વર્ષ દરમિયાન મંદિરમાં સૌ ભક્તો આપસઆપસમાં પ્રેમ, આત્મીયતા અને સુહૃદભાવ રાખી યોગીબાપાની પ્રસન્નતા અર્થે સંપ, સુહૃદભાવ ને એકતાથી, હળીમળીને ભજન-ભક્તિ, સેવા-પરિચર્યા કરતા રહ્યા એ વાતો સાંભળીને પણ અત્યંત આનંદ થયો.

'સંપ, સુહૃદભાવ, એકતા-યોગીબાપની પ્રસન્નતા... સંપ સુહૃદભાવ, એકતા-સાહેબદાદાની પ્રસન્નતા' સૂત્ર મુજબ આખા વર્ષ દરમિયાન આપણે ગુરુની, પ્રભુની પ્રસન્નતા મેળવવા માટે હાંહાંગડથલ પ્રયત્ન કર્યો. અને ગુરુએ, પ્રભુએ એને અનેકગણો માની, સ્વીકારીને આપણને સર્વને તનથી, મનથી, ધનથી અને પરિવાર સહિત સુખ-શાંતિ-આનંદ અને સુમેળતાથી જીવતાં થઈએ એવા રૂડા સંજોગો ગોઠવી આપ્યા; આ પ્રભુભક્તિનું પરિણામ છે, આ પ્રેમ-આત્મીયતા-સંગઠનભાવનું પરિણામ છે ! સૌએ પોતાની શક્તિ પ્રમાણે, ભક્તિ, સમર્પણભાવ આખા વર્ષ દરમિયાન અર્પણ કરી ઉત્સવ દીપાવ્યો છે. આખા વર્ષ દરમિયાન સેવા કરનારા સર્વ સેવકો, ભક્તોનો અમે સૌ સંતો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આપની આવી ભક્તિ, હોંશ અને ઉમંગથી અમારી ભક્તિમાં અને માહાત્મ્યમાં પણ વધારો થાય છે.

બે-ત્રણ દિવસથી આ દીકરા-દીકરીઓની વાતો સાંભળીએ છીએ. એમનાંમાં નાનપણથી શુભ સંસ્કારોનાં જે બીજ એમનાં માતા-પિતાનાં શુભ વર્તનને કારણે રોપાયાં છે, તે ધીરે ધીરે રોપ અને એમાંથી છોડ બનીને વિકસી રહ્યાં છે, તો આ પ્રદેશમાં આપણું પારિવારિક જીવન, સમાજ જીવન પણ વધારે ને વધારે સમૃદ્ધ થતું જશે એવી આપણને આશા બંધાઈ છે. કારણ કે, આપણાં સૌનાંય હૃદયને વિશે મુખ્ય ભાવ પ્રભુની કૃપા અને ગુરુની પ્રસન્નતા છે.

ભગવાને સોંપેલું કાર્ય, ભગવાનનું કાર્ય માનીને અને ભગવાનને રાજી કરવાના ભાવથી જ્યારે આપણે કરીએ ત્યારે એમાં આપણી રીત અને પોતાની પદ્ધતિ લગાવવાને બદલે ભગવાનની રીત અને પદ્ધતિથી જ્યારે કાર્ય કરીએ છીએ ત્યારે એનાં શુભ અને રૂડાં પરિણામો પ્રાપ્ત થાય છે. ભૌતિક રીતે તો તેનું દર્શન થાય છે, પણ આપણા હૃદયને વિશે શાંતિનો અનુભવ વિશેષ ને વિશેષ થતો રહે છે; આ બહુ મહત્ત્વની અને અગત્યની બાબત છે ! એટલે મંદિર એવું સ્થાન છે કે જ્યાં આવવાથી આપણે જંપી જઈએ છીએ, મનની અંદર ઊતરીએ છીએ અને આત્મ-અભિમુખ બનીએ છીએ. ઘડીક માટે સંસાર, વ્યવહાર અને એના પ્રશ્નોને કારણે ઊભાં થયેલાં દુઃખ કે ગ્લાનિને પણ જ્યારે આપણે વીસરી જઈએ ત્યારે સંપૂર્ણપણે આપણું મન ભગવાનમાં જોડાય છે.

હમણાં શ્રી ઠાકોરજીનાં દર્શન ખૂલશે, રાજભોગનાં દર્શન થશે – જેને આપણે અન્નકૂટ કહીએ છીએ. દિવાળી વખતે અને અન્ય શુભ પ્રસંગોએ પણ આપણે શ્રી ઠાકોરજીની આગળ મનોરથ કરીને ભાતભાતનાં વ્યંજન–ભાતભાતની વાનગીઓ ધરાવીએ છીએ. એમાંય આપણા ગુજરાતીઓને માત્ર ચણાના લોટમાંથી જ કેટલી બધી જુદી જુદી વાનગીઓ બનાવતાં આવડે છે ! બેઝિક રૉ મટિરિયલ ચણાના લોટમાંથી કેટલી બધી જુદી જુદી વાનગીઓ બને છે ! દરેકનાં નામ જુદાં, દરેકને બનાવવાની રીત જુદી, દરેકનો સ્વાદ જુદો. એમ, આપણે બધાં ભિન્ન ભિન્ન કુટુંબ–પરિવારમાં જન્મેલાં, એના રૂડા સંસ્કાર લઈને આવેલાં; જ્યારે અહીં મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ આપણે સૌ ભેળાં થઈએ છીએ, ભગવાનનાં શ્રી ચરણોમાં અર્પણ થઈએ છીએ ત્યારે એ વાનગી રહેતી નથી, એ વ્યંજન રહેતું નથી પણ પ્રસાદ બની જાય છે. ભલે બજારમાંથી હલવાઈને ત્યાંથી તૈયાર મીઠાઈ લાવ્યાં હોઈએ, જ્યારે ખરીદીએ ત્યારે મીઠાઈ તરીકે એનો ભાવ અને એનો સ્વાદ સમજીને આપણે લઈ આવ્યાં હોઈએ, પણ જ્યારે ભગવાનનાં શ્રી ચરણોમાં તે મીઠાઈ અર્પણ થાય છે અને પછી જ્યારે અન્યને તે આપીએ છીએ ત્યારે આપણે કહીએ છીએ કે, 'શ્રી ઠાકોરજીનો પ્રસાદ છે લઈને જજો, જમીને જજો.' આ પરિવર્તન છે ! એ સ્થૂળ વસ્તુને જો ભગવાનના સંબંધનો સ્પર્શ થાય છે, સંતોની સેવા–પરિચર્યાના માધ્યમ દ્વારા ભગવાનનાં શ્રી ચરણોમાં જ્યારે એ અર્પણ થાય છે ત્યારે એ વાનગીનો ટૅસ્ટ તો એનો એ જ રહે છે અને ભૂતકાળનું નામ પણ એનું એ જ છે; પણ મંદિરમાં એને 'પ્રસાદ' તરીકે ઓળખીએ છીએ. કેટલા સુંદર આપણા ભારતીય સંસ્કૃતિના સંસ્કાર છે ! એમ, જ્યારે કોઈ વ્યક્તિ પછી તે બહેન હોય કે ભાઈ હોય, વૃદ્ધ હોય કે બાળક હોય, ગમે તે સ્વભાવ–પ્રકૃતિ હોય, પણ મંદિરમાં આવીને શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં બેસે છે અને પોતાના જે કંઈ મનોભાવ છે એ શ્રી ઠાકોરજી સમક્ષ અર્પણ કરે છે તો ઠાકોરજીનો એને સંબંધ અને સંપર્ક બને છે એટલે તેઓ પ્રસાદ બની જાય છે !

પ્રમુખ સ્વામી મહારાજે એક સૂત્ર આપ્યું છે : 'અન્યના સુખમાં આપણું સુખ સમાયેલું છે.' આજે એ જ વાત જુદા શબ્દોમાં થઈ કે, 'હું મારી ખુશી કરતાં પણ અહીંયાં સત્સંગમંડળના જે ભક્તો છે તેમની ખુશીની વિશેષ કાળજી લઉં કે ચિંતા કરું કે એમની વ્યવસ્થા કરું.' પછી તે જે કરે એ ભક્તિ બને છે. મંદિરનો આ સામૂહિક ભાવ છે કે, હું એકલો નથી. આ સમગ્ર સૃષ્ટિનું સર્જન કરનારા ઈશ્વર છે, એમણે મને–તમને–આપણને સૌને અને હજુ અહીંયાં આવવાને માટે સદ્‌ભાગી બન્યાં નથી એવાં, બહાર ફરતી પણ જે જીવસૃષ્ટિ છે, એ સઘળું ઈશ્વરનું સર્જન છે. વહેલી–મોડી એમને જ્યારે સંતની કૃપા, પ્રભુના આશીર્વાદ પ્રાપ્ત થશે ત્યારે તેઓ આ માર્ગે અવશ્ય પડવાનાં છે. તો પ્રમુખ સ્વામી મહારાજની વાત સંસારી માણસો, સામાન્ય ગૃહસ્થી, વેપાર–ધંધો કરનારા, પત્ની અને સંતાનો, સગાંવહાલાંની વચ્ચે રહેનારા ભક્તો આટલી સરળ રીતે પોતાના જીવનમાં ઍપ્લિકેશનમાં લાવે એ કેટલો મોટો અદ્‌ભુત ચમત્કાર કહેવાય ! એના માટે ઘર છોડી, સાધુ થઈ, મંદિરમાં બેસી ઘંટડી વગાડવાની જરૂર નથી. જે કરીએ છીએ એ કર્મ પ્રભુપ્રીત્યર્થે, ગુરુ આજ્ઞાથી, એમની પ્રસન્નતાને માટે અર્પણ કરવું એ ટ્રેનિંગ મંદિરના માધ્યમ દ્વારા આપણને મળી છે.

આ પ્રૉપર્ટી–આ વૅરહાઉસ બધાંએ પસંદ કર્યું, અને તમે એનું પરિવર્તન કર્યું. વૅરહાઉસમાંથી મંદિર બનવાની જે પ્રક્રિયા છે એ પ્રક્રિયા પરિવર્તનની પ્રક્રિયા છે. એમ, આ દેહ પણ વૅરહાઉસ છે. અંદર ઘણો કચરો પડ્યો છે. હઠ–માન–ઈર્ષ્યા, રાગ–દ્વેષ, મારું–તારુંની આપણી જે પ્રકૃતિ, એમાંથી ધીરે ધીરે બદલાવ લાવવા જ ગુરુનો આપણને જ્યારે સંબંધ અને સંપર્ક પ્રાપ્ત થાય છે ત્યારે તેઓ આપણને બ્રહ્મના સંબંધ સાથે જોડે છે. અને ધીરે ધીરે આપણા વિકારો શાંત પડતા જાય છે, નિર્મૂળ થતા જાય છે. આ બહુ લાંબો પ્રૉસેસ છે. જન્મોજન્મથી જીવાત્માની આ યાત્રા પરમાત્મા તરફ ચાલતી રહે છે. આ જન્મે આપણને આ પરિવારમાં મનુષ્યનું ખોળિયું મળ્યું છે એને કેમ કરીને જીવી જવું, કેમ કરીને એના સંસ્કારોને દીપાવી જવા અને ઊજળા કરવા એ આપણો પુરુષાર્થ છે. મંદિર અને સંતો; એના માટેનું બહુ મોટું પૂરક બળ છે. એટલા માટે આવાં આશ્રયસ્થાનો, પ્રેરણાનાં સ્થાનો કે જ્યાં બળ મળે, જ્યાં ભગવાન વિશેની આસ્થા અને શ્રદ્ધાની પુષ્ટિ થાય, ધન્યતા – 'સરસ કરો છો, સારું કરી રહ્યા છો, આગળ વધો' અને એનાથી આગળ કહેવાનું કે, 'અમે પણ તમારી સાથે છીએ' આ સુહૃદભાવ ! આવા સુહૃદભાવનો પાઠ આપણને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે શિખવાડ્યો છે.

આપણે શુદ્ધ અને પવિત્ર થવા માટે ભગવાન પાસે આવવાનું છે. તો જ્યારે આપણે આ દેશમાં આવ્યાં, આપણી ખાણી–પીણી, આપણાં વસ્ત્ર–પરિધાન, આપણી હરવા–ફરવાની રીતમાં ફેરફાર આવ્યો, તો આમાં પણ કંઈ ફેરફાર આવવો જોઈએ કે નહીં ? પેલું આપણે ઝટ અપનાવી લઈએ છીએ. હમણાં આઈફૉનનું નવું મૉડેલ બહાર આવી

રહ્યું હોય તો એ લેટેસ્ટ મૉડેલ લાવવા માટે આપણે કેટલા ઉત્સાહી હોઈએ છીએ, કેટલા આગ્રહી હોઈએ છીએ ! પણ સત્યને નૂતન સ્વરૂપે સ્વીકારવા માટેની આપણી આંતરિક તૈયારી હોતી નથી. હજુ તો વહેમ અને અંધશ્રદ્ધામાંથી આપણે બહાર નીકળી શકતાં નથી. એટલે ઈશ્વર સુધી પહોંચવા માટે – મૂર્તિ એનો આધાર છે, સંતો એ માટેની પ્રેરણા અને માર્ગદર્શન આપે છે, શાસ્ત્ર અને મંત્ર એ સ્વાધ્યાય અને જપ કરવા માટે પ્રભુએ આપણને આપ્યાં છે ! અને એ સ્વરૂપે આપણે જ્યારે એમને સ્વીકારતાં જઈએ તો ધીરે ધીરે આપણી અંદર પરિવર્તન આવતું જાય છે. ભલે આપણે થોડાં છીએ, પણ જો સંગઠિત છીએ અને સામૂહિક રીતે સર્વનું હિત અને ભલું થાય એવા ભાવથી યત્કિંચિત મન–કર્મ–વચનથી, તન–મન–ધનથી પ્રભુપ્રીત્યર્થે, ગુરુઆજ્ઞાથી જે કંઈ સેવા કરતાં રહીશું તો આપણા જીવનમાં અવશ્ય પરિવર્તન આવશે, આપણી માનસિકતામાં અવશ્ય પરિવર્તન આવશે.

આપણા મનના ચિત્રપટ પર ધૂન કરતી વખતે મન ધૂનમાં રહેતું નથી અને અડધો કલાક આપણને બહુ લાંબો લાગે છે. ચાલુ ધૂનમાં કેટલીય વખત આંખ ખોલી આજુબાજુ જોઈ લઈએ છીએ ને ઘડિયાળ તરફ પણ જોઈ લઈએ છીએ. ત્યારે અંદર ફિલ્મ ચાલુ કરી દેવાની, વિડિયો ચાલુ કરી દેવાનો. આપણાં દરેકની અંદર મન, ઈન્દ્રિય, ચિત્ત અને અહંકાર એ ચાર વિભાગ છે. એમાં ચિત્ત એવું છે કે આપણે જે કંઈ જોઈએ તેની છબી તેમાં છપાઈ જાય. એટલે સંતોએ આપણને રીત શિખવાડી કે, ભગવાનની, ગુરુની જે છબી તમારી અંદર છપાઈ ગઈ છે એને તમે સંભાર્યા કરો. બાકી, સમાધિમાં જવું તો બહુ અઘરું છે અને આપણી કોઈની જીવનવ્યવસ્થા એવી નથી કે આપણે સમાધિમાં ઊતરી શકીએ.

આપણો ભક્તિમાર્ગ છે. નામસ્મરણ અને સ્વાધ્યાય, ભજન અને કીર્તન ! આપણે ભક્તિમાર્ગના પ્રવાસી છીએ એટલે ભગવાનને અર્થે હાંહાંગડથલ જે કંઈ પણ કરીએ એ ભક્તિના ભાવથી અર્પણ કરીએ તો ભગવાન એને અનેકગણું કરીને સ્વીકારે છે. 'ઓહોહો, ધન્ય છે તમને ! તમે આવ્યા, હું બહુ ખુશ થયો !' આપણે ના આવીએ તો ભગવાન નાખુશ નથી. એમને તો પૂજારી મહારાજ સમયે સમયે રમાડે છે, જમાડે છે, નવડાવે છે, ધોવડાવે છે, વસ્ત્રો પહેરાવે છે, એમનાં લાલનપાલન કરે છે. 'હું ને મારો ભગત – બેય ખુશ છીએ.' પણ આપણે આવીએ અને આપણને જે ખુશી પ્રાપ્ત થાય એ ખુશી જોઈને પણ અત્યંત ખુશ થાય છે કે, 'હું અહીંયાં જ ઊભો છું, અહીંયાં જ છું, તમારા માટે જ છું.'

એમ, આ સ્થાન આપણા માટે બનાવ્યું છે. ભગવાન મોકળાશથી, લહેરથી આપણને દર્શન આપે છે ! આપણો ભગવાન સાથેનો નાતો અને સંબંધ એટલી જ આપણે નિસબત છે. આપણો ભગવાન સાથેનો સંબંધ અને નાતો દિન–પ્રતિદિન દૃઢ થતો જાય ને અહીંયાંથી દર્શન કરીને, માથું ટેકવીને પાછા જઈએ ત્યારે એમની સઘળી શક્તિ આપણી સાથે આવે, આપણી સર્વ પ્રકારે રક્ષા કરે અને એનાથી આગળ, એવા આશીર્વાદ ને કૃપા આપણી ઉપર વરસાવે કે, 'સર્વનું શુભ થાય, સર્વનું રૂડું થાય, સર્વનું મંગલ થાય' એવા આપણે હંમેશાં વિચાર કરીએ. ભગવાનના ભક્તનું અંતર ટાઢું રહે, ધગી ના જાય અને અન્યને વિશે શુભ સંકલ્પ અને શુભ ભાવનાઓ થતી જાય કે, 'સર્વનું શુભ થાય !'

યોગીબાપા અહીં બિરાજમાન છે. યોગીબાપાએ હાથ ઊંચા કરીને આશીર્વાદ આપ્યા કે, 'ભગવાન સૌનું ભલું કરો.' અહીં એમની છબી રાખવી, આ સૂત્ર લખવું એ એક બાબત છે, પણ આપણે એ ભાવ હૃદયને વિશે સ્થાપિત કરવો કે, 'સર્વનું સર્વ પ્રકારે રૂડું થજો.' આપણી વૈદિક સંસ્કૃતિના મંત્રમાં પણ આપણે એ જ બોલીએ છીએ. એ જે મૂળભૂત શાસ્ત્રોક્ત શબ્દો છે એમાં ઊર્જા છે ને એનાથી આગળ, ભગવાનની મૂર્તિમાં ભગવાનનું પરમ તત્ત્વ બિરાજમાન છે એવા ભાવથી એમની પૂજા કરવામાં આવે છે. એટલે આ દિવ્ય મૂર્તિ છે તે ભગવાનનું સ્વરૂપ છે, મારે ભજવા માટેની ઉપાસ્ય મૂર્તિ છે; આ બધી પૂજા પાછળનો એ ભાવ છે.

ચિત્રપ્રતિમા હોય કે પાષાણ પ્રતિમા હોય તો એને વિશે પણ આપણને એવો ભાવ થાય, એટલે સઘળાં અંગો, સઘળી ઈન્દ્રિયો – પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને અગિયારમું મન પ્રભુમાં જોડીને પ્રભુને પ્રાર્થના કરવાની. આપણી વૈદિક સંસ્કૃતિ પ્રમાણે અને સમય અનુસાર આપણને સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય શાંતિદાદા અને પરમ પૂજ્ય મનોજદાસજીએ નૂતન રીત શિખવાડી કે, 'ભાવ એ બહુ અગત્યની વસ્તુ છે.' આજે આપણે એવા ભાવપૂર્વક ભગવાનની સેવા–પૂજા કરી. આ સંતોએ આપણને સૌનેય ભગવાનની સાથે જોડ્યા. એ જોડાવા માટેનું પરમ તત્ત્વ ને બળ છે એવા ભગવાનના પરમ તત્ત્વને ધારક આપણા ગુરુ સાહેબદાદા ! તેઓએ આપણાં સર્વ ઉપર અતિશય કૃપા કરી છે ! તો એમનાં શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ કે, અમારી શ્રદ્ધામાં વધારો થાય, અમારી નિષ્ઠા દૃઢ બને, અમારી ભક્તિમાં વધારો થાય ! ને સાચેસાચ જો એમાં વધારો થયો હોય તો અર્પણ કરવાના ભાવમાં, સમર્પણ કરવાના ભાવમાં પણ વધારો થાય ! મારું જે કંઈ પણ છે તે પ્રભુપ્રીત્યર્થે, પ્રભુ–

પ્રસન્નતાર્થે, ગુરુ આજ્ઞાથી વપરાય તો એ મારા જીવનની ધન્યતા છે ને મંગલ છે ! બાકી તો, આ સૃષ્ટિમાં કશુંય કાયમી નથી અને કશુંય કોઈ સાથે લઈ જતું નથી, સઘળું અહીંનું અહીં રહે છે. પણ મુશ્કેલી એ છે કે છૂટતું નથી. પણ એને ભગવાનના સંબંધે જોડી દઈએ અને ભગવાનનો પ્રસાદ સમજીને એનો સંપૂર્ણ સભાનતાથી સમજી-વિચારીને સદ્ઉપયોગ કરીએ. બુદ્ધિ હોય, શક્તિ હોય, કૌશલ્ય હોય, ધન, મિલકત કે કોઈ સારી ચીજ-વસ્તુ હોય એનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાનો સાચો ઉપાય એ છે કે, એને ભગવાનને ધરાવી દેવાનો.

આપણે નવી ગાડી મંદિરે લઈને આવીએ છીએ અને સંતોને કહીએ છીએ કે, 'પૂજન કરી આપો અને ભગવાનની મૂર્તિ પધરાવી આપો.' પછી ૩૬૫ દિવસ એ ગાડી તો આપણે જ વાપરીએ છીએ. પણ, આ આપણા સંસ્કાર છે કે, કશું પણ, કંઈક ઉત્તમ અને શ્રેષ્ઠ આપણને પ્રાપ્ત થયું તો પહેલું સમર્પણ ભગવાનનાં શ્રી ચરણોમાં ! અને સંતો તેને પ્રસાદીનું કરીને પાછું આપે છે. એમ, ભગવાનને આપણે જે ધરાવીએ છીએ એ વાનગી પ્રસાદીની થઈને પ્રસાદરૂપે આપણને પાછી મળે છે. પછી તે સાંસારિક ધન, વૈભવ, મિલકત હોય કે અધ્યાત્મ આશીર્વાદ હોય ! એ મંદિર, મંદિરના સ્થાન, એની પૂજા અને એના માટે અર્પણ થતો સમર્પણનો ભાવ; એનું આ અધ્યાત્મવિજ્ઞાન છે, અને એ આપણી સાચી સંસ્કૃતિ છે. આપણને આ જે તક મળી છે તે ઉત્તમ તક મળી છે. આપણે સર્વે ભેગાં મળીને આવા ભાવથી આપણને મળેલી ઉત્તમ તકનો ઉત્તમ ઉપયોગ કરીએ.

પાનબાઈ નામની યુવાન દીકરીને એનાં સાસુમા એમ કહે છે, 'વીજળીના ઝબકારે મોતી પરોવી લ્યો' આપણી ભારતીય સંસ્કૃતિનાં જે કીર્તનો છે એની અંદર આપણને આવાં અદ્ભુત શિક્ષણ-માર્ગદર્શન અને દોરવણી આપેલાં છે. આ સમયે અત્યારે આપણને જે તક મળી છે એ ફરી મળશે કે નહીં એ આપણને ખબર નથી. એટલે હાજર વર્તમાનકાળમાં જીવવાની આપણે ટેવ પાડવાની જરૂર છે. એના માટે પપ્પાજી મહારાજે બહુ સુંદર સૂત્ર આપ્યું હતું કે, આપણે એક એવો રૂડો સંકલ્પ કરીએ કે, 'આ પળ મારે ધામરૂપ રહેવું છે.' અત્યારે આપણે મંદિરમાં ભગવાનની સમક્ષ બેઠાં છીએ, ત્યાં સુધી ભગવાનમય રહેવું છે ; તો આપણે ભગવાનના ધામમાં બેઠાં, ભગવાનમય થઈને બેઠાં.

આપણને સૌનેય એ માટેની બુદ્ધિ, શક્તિ, ભક્તિ આપે તેવી શ્રી ગુરુચરણે, શ્રી પ્રભુચરણે મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

## TOTAL WELLNESS MANAGEMENT

# EXERCISES FOR REMAINING FIT FOR LIFE

Dr. Mohinder M. Walia

Doing fitness training exercises regularly is of utmost importance for remaining fit for life.

Outlined below are some practical suggestions in the above context .

- **Walking** is the best exercise for physical fitness for persons of all ages. Brisk walking, with rhythmic breathing for the young and a little slower pace for the seniors is advisable. About 20 minutes duration is sufficient. A couple of minutes of leisurely stroll, after about 15 minutes of meals is good.
- **Suryanamaskar** is a complete yogasan for exercising the entire body. About three to five rounds of this asan every morning should be performed regularly .
- **Daily practice of three pranayams, namely :** Bhastrika , Kapalbhati and Anulom-vilom should be practiced for about five minutess each, every day while in empty stomach.
- **Yogic clapping** , that is, with fingers joined together for about a couple of minutes is good for balancing the five elements which are repsented by the five fingers. Clapping also activates a large number of pressure points lying in the fingers and palms.

<u>**Cautionary Advice**</u>

- Always lift weights after bending your knees to save your low back from injury.
- Always turn to one side to lie down or get up from the bed; this also to avoid injury to the spine.

# The power of heart-felt words !

~ Saheli Sheth (Peoria, USA)

*"If we see a flaw in a painting, Then we say it's the fault of the painter. So if we see a flaw in God's creation, Then, knowingly or unknowingly, we are seeing fault in the Creator."* Sant Bhagwant Sahebji is one to see the beauty in every painting, in every one of God's creations. I have experienced this firsthand.

"See her eyes?" Sahebdada remarked, pointing at me while speaking to a family member beside me. "They are so loving. She just has so much love within her."

*"Loving? Me?"* I thought, puzzled. That was never a word I would have used to describe my reserved nature.

Yet He saw it within me, and so I became it.

A year later, on my birthday, I was surprised when multiple friends wished me well and described my greatest attribute as my unconditional love.

This is the power of seeing the strengths in others. Had Sahebdada not told me that He saw me as 'loving,' I might never have felt the drive to acknowledge that God-given strength and let it overflow to those around me.

Sadguru Sant P.P. Shantidada also highlighted the strengths of his devotees. One day, my sister and I stood outside Shantidada's office in India when he gracefully emerged and began introducing us to other devotees waiting outside. Shantidada introduced me by saying, "This is Saheli. She is doing very elevated work with kids." I looked at him in confusion. *With kids?* I had just graduated and didn't have a job at the time. And I didn't even consider myself as someone good with kids.

But He saw it in me, and so I became it.

Now, I work with kids and can't imagine it any other way. No matter where life takes me, my goal will always be to uplift the next generation, because this is what Shantidada has called me to do.

Others in satsang have recognized this same power of seeing the good in others. Sadhu Pujya Dilipdasji (UK) would always greet me with, "Hello, my beautiful angel!!!" Even years after his passing, what do I do when I need to hear a voice of strength? I talk to myself the same way he would talk to me, and it always starts with, *"Hello, my beautiful angel!"*

Dilipdasji's kindness toward me literally rewired my kindness toward myself.

The impact these saints have had on my life mirrors the influence that guardians have on their children. See the strengths in them, and they will live up to them.

Of course, there are nuances to this approach. It doesn't mean overlooking negative behavior, such as rudeness; in those cases, it's more appropriate to teach our kids the skills to act differently.

I know my strong self-esteem comes from saints who speak of my strengths and from parents who are intentional with their words. Many loving parents have, at times, labeled their kids with words like "lazy" or "disobedient." In the same way, many loving kids may call their guardians "strict" or "old-fashioned." We all say things in moments of frustration that we might later wish to take back.

But I've found this reminder to be my guiding compass: **"Be careful with your words. You never know how many times they're repeating in someone's mind."**

It's true—when we make a statement about someone, we never know how often they replay that tape in their mind. And as guardians, one of the *most* influential roles in a child's life, we never know when our words become the internal voice they hear.

So, we have a choice to make. Sahebdada's words, *"She is loving,"* play in my mind daily, inspiring me to choose love, even when it's hard. Shantidada's affirmation, *"She does elevated work with kids,"* reminds me of my purpose each day. Dilipdasji's greeting, *"My beautiful angel,"* plays when I need to be kinder to myself. These saints were so loving with their words, and thank goodness they were, because these words are the tape playing on repeat in my mind.

May we choose kind words that uplift our kids. May we see the strengths within them. If your words were the soundtrack your children played in their minds daily, what would you want them to hear? ◆

# વિચાર અને કર્મને શિસ્તમાં રાખવાની આધ્યાત્મિક રીત

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

હું મારી થેરાપી ઑફિસના ઝાંખા પ્રકાશમાં બેઠી હતી અને મારા હાથમાં બાળઉછેર પરનું નવું પુસ્તક હતું. તેનું પહેલું પ્રકરણ માતા-પિતાને 'શિસ્ત' શબ્દ વિશે ફરીથી વિચાર કરવા માટે પ્રેરિત કરે તેવું હતું. પુસ્તક વાંચતાં એક જોરદાર વાક્ય ધ્યાનમાં આવ્યું : 'શિસ્તનો હેતુ શો છે ?' 'શિસ્ત' શબ્દ સીધો જ લેટિન શબ્દ Disciplina (ડિસિપ્લિના) પરથી આવ્યો છે, અગિયારમી સદીથી જેનો ઉપયોગ શીખવવું, શીખવું અને સૂચનાઓ આપવા માટે કરવામાં આવતો હતો. તો 'શિસ્ત'નો તદ્દન સીધો અર્થ છે : શીખવવું.

શિસ્તની આ નવી પરિભાષા મારા માટે પરિવર્તનકારી હતી. જ્યારે તમે 'શિસ્ત' શબ્દ સાંભળો છો ત્યારે તમારા મનમાં ઊપસી આવતી છબિ વિશે વિચારો. મારા મનમાં તો એક વાલી તેના બાળક સામે ગુસ્સાથી તાકી રહેતા હોય તેવી કલ્પના થતી. પરંતુ અત્યારે તો હવે હું જોઉં છું કે, માતા-પિતા પોતાના બાળકની સામે બેસીને, તેની સાથે આંખથી આંખ મિલાવીને વાત કરે છે અને તેને વધુ સારા માર્ગ તરફ જવા પ્રેમથી દોરવણી આપે છે.

સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ અમને યુવાનોને દંડ આપીને કે લઢી-ધમકાવીને નહિ, પણ યોગ્ય શિખામણ આપીને કેવાં શિસ્તબદ્ધ કર્યાં છે તેનાં સ્મરણ સાથે ઊંડા વિચારમાં મેં મારી આંગળીઓ ટેબલ પર થપથપાવી અને સાથે કેટલીક પ્રિય યાદો મારા મનમાં ઊછળવા લાગી.

૧૨ વર્ષની ઉંમરે, મારી રોજનીશી કે જે મારી હંમેશની સાથી હતી, અને મારાં મિત્રો વિશેની મારી બધી ફરિયાદો એ રોજનીશીનાં પાનાંઓમાં સમાયેલી હતી. દરરોજ મારાં મિત્રો વિશેની ફરિયાદોને ગુસ્સામાં હું તેમાં જ્યાં ત્યાં નોંધી લેતી. પરંતુ, એક દિવસ મારી રોજનીશી વિશે કંઈ પણ વાતચીત કર્યા વગર, સદ્‌ગુરુ સંત શાંતિદાદાએ મને સહજ જ આજ્ઞા કરી કે, 'આજથી તારી ડાયરીમાં દરરોજ ભગવાનની અનુભૂતિના પ્રસંગો વિશે લખજે.' તેમણે મને ન તો ટોકી કે ના તો કંઈ કહ્યું, તેના બદલે તેઓએ મને સાચી વસ્તુ કરવાની સમજ આપી. ત્યારથી, જેમ જેમ હું મારા જીવનમાં ભગવાનના આશીર્વાદથી રોજ બનતા સારા પ્રસંગોની નોંધ લખતી ગઈ, તેમ તેમ મારી ડાયરીની નોંધ વધુ ને વધુ સકારાત્મક થતી ગઈ.

એક નોંધમાં મેં લખ્યું હતું કે, 'આજનો દિવસ બહુ ખરાબ હતો, પરંતુ, શાંતિદાદાની આજ્ઞાની સ્મૃતિ સાથે, આજે જે કંઈ સારા પ્રસંગો બન્યા તે આ પ્રમાણે છે...' વર્ષો પછી ભૂતકાળની તે નોંધને જોતાં મને યાદ ના આવ્યું કે, તે દિવસ કેમ ખરાબ હતો, પરંતુ, તે દિવસે મને અનેક પ્રસંગોમાં ભગવાનની ઉપસ્થિતિની અનુભૂતિ થઈ હતી તે તાદશ્ય અત્યારે પણ યાદ છે. એક સરળ, પ્રેમભરી અને યોગ્ય આજ્ઞા દ્વારા શાંતિદાદાએ મને દુનિયાને જોવા માટે એક નવી દૃષ્ટિ આપી.

તેવી જ રીતે, ગપસપ કરવાની આદતવાળી મારી તરુણ અવસ્થાને સંતભગવંત સાહેબજીએ એક નવો દૃષ્ટિકોણ આપ્યો : 'કોઈનામાં ૯૯ અવગુણ હોય અને એક ગુણ હોય, તો એ એક ગુણને મોટો કરીને જોવો.' માધ્યમિક શાળાનાં મારાં વર્ષો કોઈની પીઠ પાછળ તેની ટીકા કરનારાં હતાં. મારું આવું નકારાત્મક વલણ હોવા છતાં, સાહેબદાદાએ ક્યારેય મને ટોકી નથી, પરંતુ તેના બદલે તેઓએ મને વધુ સંવાદિતાસભર જીવન જીવવાની પ્રેરણા આપી : 'બીજાના ગુણ જુઓ. પણ જ્યારે તમને કોઈના અમહિમાની વાત સાંભળવામાં આવે, ત્યારે ત્યાંથી દૂર ખસી જાઓ અને ત્યાંથી ખસી શકાય તેમ ના હોય તો ધૂન કરો.'

આ બોધપાઠે મારા મિત્રો સાથેના સંબંધોમાં પરિવર્તન આણ્યું. હાઈસ્કૂલમાં અમે લંચ ટેબલ પ્રથા શરૂ કરી હતી, જેમાં અમે દરેક વ્યક્તિના અમને ગમતા ગુણો પરસ્પર જણાવતાં. આજે ૧૦ વર્ષ પછી પણ, મારા મિત્રો મને મળે ત્યારે કહે છે કે, 'તે વખતે તેમને મળેલી કેટલીક પ્રશંસા તો તેઓને અત્યાર સુધીમાં મળેલી પ્રશંસાઓમાંની શ્રેષ્ઠ પ્રશંસા હતી.' ખરેખર અમારા એ ગમ્મતભર્યા સંબંધો બદલાઈને હવે વધુ પરિપૂર્ણ અને અર્થસભર બન્યા છે.

હું અનુભવું છું કે, સત્સંગે મને ઘણી વખત શિસ્તનો સાચો અર્થ શીખવ્યો છે, ટીકા દ્વારા નહિ, પરંતુ હકારાત્મક ને આનંદદાયક રીતો દ્વારા આ દુનિયામાં જીવન જીવવાની રીતો શીખવી છે. આખરે શિસ્તનો સાચો અર્થ - દંડ કે ફેંસલો આપવો એ નહિ, પણ દિશાસૂચન કરવું અને માર્ગદર્શન આપવું એ જ તો છે.

મારી પ્રાર્થના છે કે, જ્યારે આપણાં બાળકો ભૂલ કરે, ત્યારે આપણે સહેજવાર રોકાઈને યાદ કરીએ કે, શિસ્તનો હેતુ તો કંઈક શીખવવું એ છે. અને અત્યારે હું તેમને શું શીખવવા માંગું છું ? આપણે તેમને ગુસ્સાથી નહીં, પરંતુ તેમનામાં રહેલા શ્રેષ્ઠ ગુણો ખીલી ઊઠે એવા પ્રેમભર્યા હેતુથી ઉછેરીને તેમને શિસ્તમાં રાખીએ. ◆

*(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-જુલાઈ ૨૦૨૪ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી

**૧ જુલાઈ, સોમવાર...** સવારે અમદાવાદમાં દર્શિતભાઈ-વૈશાલીબહેન, દ્વિજેનભાઈ-સમીરાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઉપાસના ધામ મંદિરે સભામાં પધારી સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા અને બ્રહ્માનંદ કરાવ્યો. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૨ જુલાઈ, મંગળવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી મૂર્તિઓનાં દર્શન-પ્રાર્થના ને કીર્તનભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-આશિષનું સુખ આપ્યું.

**૩ જુલાઈ, બુધવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી મૂર્તિઓનાં દર્શન-પ્રાર્થના-કીર્તનભક્તિનો આનંદ માણ્યો. વિશ્વ ઉમિયાધામ (અમદાવાદ)ના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ, ખજાનચીશ્રી કાંતિભાઈ પટેલનાં સ્વાગત કરી પધારેલ સૌને લાભ આપ્યો. 'અક્ષર મહોલ'માં રાત્રિસભામાં પધારી ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૪ જુલાઈ, ગુરુવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી મૂર્તિઓનાં દર્શન-પ્રાર્થના તેમજ કીર્તનભક્તિનો આનંદ માણી સભામાં ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે વડોદરા રેલવે સ્ટેશન પધાર્યા ત્યારે સ્થાનિક ભક્તોએ સત્કાર્યા, તે સૌના ભાવ અંગીકાર કરી ટ્રેનમાં મુંબઈ તરફ પ્રયાણ કર્યું. સુરત સ્ટેશને સ્થાનિક મંડળના અનેક ભક્તો દર્શનાર્થે પધાર્યા, તે સૌને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. સાંજે મુંબઈ-બોરીવલી સ્ટેશને સ્થાનિક ભક્તોએ ભાવભર્યાં સ્વાગત કર્યાં. ત્યાંથી વિલેપાર્લામાં ત્રંબકભાઈ-સમતાબહેન પઢિયારના ઘરે પધરામણી કરી. અહીં સભામાં ખૂબ મોટી સંખ્યામાં મુંબઈ મંડળના ભક્તો પધાર્યા, તેઓને અદ્ભુત આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ માટે કનુભાઈ ગાંધી-જ્યોતિબહેનના ઘરે પધારી ગોષ્ઠિનો લાભ આપી મોડી રાત્રે આરામમાં પધાર્યા.

**૫ જુલાઈ, શુક્રવાર...** સવારે કનુભાઈ ગાંધી-જ્યોતિબહેનના ઘરે પ્રાતઃ પૂજાદર્શનનો લાભ આપ્યો. હેતનભાઈનાં પત્ની અનિતાબહેનના સ્વાસ્થ્યલાભ માટે કોકિલાબહેન ધીરુભાઈ અંબાણી હૉસ્પિટલમાં મળવા પધારી દર્શન-આશીર્વાદનો લાભ આપી પ્રાર્થના કરી. દિલ્હી-પ.પૂ. ગુરુજીના નિષ્ઠાવાન ભક્તરાજ ઓ. પી. અગ્રવાલની પ્રાર્થના અને નિમંત્રણથી તેઓના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી આરતી અર્પણ કરી. પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવી જગતભાઈ કિલ્લાવાલાની ઑફિસમાં પધરામણી કરી. બપોરે પાર્લામાં બેચરભાઈ પટેલના ફૅશન મૉલમાં પધરામણી કરી આશીર્વાદ આપ્યા. તેઓની કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર પધારી પ્રૉજેક્ટની સફળતા માટે ધૂન-પ્રાર્થના કરી. સાંજે કોલાબા વિસ્તારમાં નયનકુમાર ઠક્કર-રાજશ્રીબહેનના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. તેઓના સર્વાંગી સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ માટે કનુભાઈ ગાંધી-જ્યોતિબહેનના ઘરે પધારી ગોષ્ઠિનો લાભ આપી મોડી રાત્રે આરામમાં પધાર્યા.

**૬ જુલાઈ, શનિવાર...** સવારે કનુભાઈ ગાંધી-જ્યોતિબહેનના ઘરે પ્રાતઃ પૂજાદર્શનનો લાભ આપી વિશેષ આશીર્વાદ પાઠવ્યા. અનુપમ સ્વજન બિલ્ડર વીરેન્દ્રભાઈ શાહ સાથે અનુપમ મિશનના બોરીવલી કેન્દ્રના બાંધકામ અંગે મીટિંગ કરી માર્ગદર્શન આપ્યાં. કનુભાઈ-જ્યોતિબહેનના ઘરે સૌને બ્રહ્માનંદ કરાવી બપોરે ત્રંબકભાઈના ઘરે પધાર્યા. 'યોગી ડિવાઈન સોસાયટી'-પવઈથી પધારેલ સાધુ પૂ. ભરતભાઈ, સાધુ પૂ. વશીભાઈ અને સાથે પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે મુંબઈ મંડળના ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી, સૌની ભાવભીની વિદાય લઈ મુંબઈ ઍરપૉર્ટ તરફ પ્રયાણ કર્યું. ફ્લાઈટમાં વડોદરા ઍરપૉર્ટ પધાર્યા. વડોદરાના સૌ મુક્તોએ ભાવભીનાં સ્વાગત કર્યાં. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિમાં સીધા 'યોગીપ્રસાદ' પધાર્યા. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ સ્વાગત કર્યાં.

**૭ જુલાઈ, રવિવાર...** સવારે 'યોગીપ્રસાદ'ના હૉલમાં સદ્ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદાના હિન્દુ તિથિ અષાઢ સુદ બીજ-રથયાત્રાના મંગલપર્વે ૮૩મા પ્રાગટ્યોત્સવની સભામાં પધારી

પ.પૂ. અશ્વિનદાદાનાં જીવનમાહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ પાઠવ્યા.

**૮ જુલાઈ, સોમવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી મૂર્તિઓનાં દર્શન-પ્રાર્થના તેમજ કીર્તનભક્તિનો આનંદ માણ્યો. હૈદરાબાદથી અંકિતભાઈ શરાફ-ક્રિતિકાબહેન તેઓની નાની દીકરીને લઈને દર્શનાર્થે પધાર્યાં, તેનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. કુશ હેમંતભાઈ પટેલ-સુરત વધુ અભ્યાસ અર્થે યુ.એસ.એ. જતા હોવાથી આશીર્વાદ પાઠવ્યા.

**૯ જુલાઈ, મંગળવાર...** સાંજે 'પપ્પાજી તીર્થ'માં નિવાસ કરતા વરિષ્ઠ સાધુ પ.પૂ. આચાર્ય સ્વામીજીનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હોવાથી સંતો-ભક્તોને લઈને 'પપ્પાજી તીર્થ'માં પધાર્યા. ધૂન-ભજન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ જુલાઈ, બુધવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. યુ.કે.થી પધારેલ રોહિતભાઈ મહેતા-પ્રવીણાબહેનને અને અનુપમ માવતર શાંતિમામા (બાકરોલ)ને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'તીરથ' ઑડિટોરિયમમાં સંતોની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ જુલાઈ, ગુરુવાર...** મીરાંબહેન શાસ્ત્રી-હિનાબહેનના ઘરે ખંભાત પધાર્યા. ધ્રુવિલ બારોટના નવા ઘરમંદિરમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. ખંભાતથી પરત આવતાં ધર્મજ ગામમાં કૉલેજકાળના મિત્ર સુરેન્દ્રભાઈની ફૅક્ટરી પર પધરામણી કરી દીકરા આશિષભાઈને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ જુલાઈ, શુક્રવાર...** બપોરે 'યોગી ડિવાઈન સોસાયટી'-પવઈ મંદિરેથી પધારેલ સાધુ પૂ. ભરતભાઈ, સાધુ પૂ. વશીભાઈ આદિને સત્કાર્યા તેમજ ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૩ જુલાઈ, શનિવાર...** સાંજે કરમસદમાં અલ્કેશભાઈ-માનસીબહેનના નૂતન ફ્લૅટમાં યોજેલ મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. વધુ અભ્યાસ અર્થે કૅનેડા જતા તેઓના દીકરા ચિ. ઋષિલને આશીર્વાદ પાઠવ્યા. દુબઈથી પધારેલ રાજશ્રીબહેન ઠક્કરનું સ્વાગત કર્યું. સાંજે 'અક્ષરમહોલ'માં દિલ્હીથી પધારેલ પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી (ગુરુજી), સંતો, ગૃહસ્થ ભક્તો તેમજ સંત બહેનોને સત્કારી સ્વાગતસભામાં સૌનાં ભક્તિભાવે અભિવાદન કર્યાં.

**૧૪ જુલાઈ, રવિવાર...** સવારે વેમાર ઉપાસના ધામ સ્થિત મંદિરે પધાર્યા, મંદિરના પ્રાંગણમાં ઉપસ્થિત સૌ ભક્તોએ ભક્તિભાવે સ્વાગત કર્યાં. શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સદ્‌ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદાના ૮૩મા પ્રાગટ્યપર્વની સભામાં પધારેલ સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. વેમાર મંદિરે ઉપસ્થિત સ્થાનિક ભક્તોને દર્શનનું સુખ આપી વડોદરા પ્રતિ પ્રયાણ કર્યું. સાંજે વડોદરામાં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. ભગતજી મહારાજની પ્રસાદીની દેરીનાં દર્શન કરવા માટે પધાર્યા. ત્યાં વડોદરા મંડળના ભક્તોએ સ્વાગતના ભાવ અર્પણ કર્યા. સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી મનુભાઈ-સુશીલાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને દર્શન-સાંનિધ્યનું સુખ આપ્યું. હરેનભાઈ-પલ્લવીબહેનના ઘરે પધારી વસંતબાના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. રાત્રે બ્રહ્મજ્યોતિમાં 'યોગીપ્રસાદ' પધારી પ.પૂ. ગુરુજી સાથે પધારેલ સૌ ભક્તોને ગોષ્ઠિનું સુખ આપ્યું.

**૧૫ જુલાઈ, સોમવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી મૂર્તિઓનાં દર્શન-પ્રાર્થના તેમજ કીર્તનભક્તિનો આનંદ માણ્યો. ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ત્યાંથી પ.પૂ. ગુરુજી અને સૌ સંતો-ભક્તો સાથે 'યોગી વિદ્યાપીઠ' તથા 'ભક્તિમંદિર'માં સેવા કરતા સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'યોગી આરોગ્ય કેન્દ્ર'માં નિર્માણ પામી રહેલા ફિઝિયોથેરાપી સૅન્ટરના નૂતન હૉલમાં યોજેલ મહાપૂજામાં પધારી સૌ ડૉક્ટરોને અને સ્ટાફને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે 'પારમિતા' સભાખંડમાં સદ્‌ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદાના અંગ્રેજી તારીખ મુજબ ૮૩મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ જુલાઈ, મંગળવાર...** સવારે અમદાવાદ 'ઉપાસના ધામ' મંદિરે દર્શનાર્થે પધાર્યા. શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શન કરી ઉપસ્થિત ભક્તોને સત્સંગ-ગોષ્ઠિનું સુખ આપ્યું. અરવિંદભાઈ શેઠ-જ્યોત્સનાબહેનના ઘરે પધરામણી કરી તેઓના સ્વાસ્થ્યલાભ માટે ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. સવારે દિવ્યેશભાઈ મહેતાના ઘરે અને બપોરે કલ્પેશભાઈ વ્યાસ - ચેતનભાઈના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપી સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'યુનિટી'માં પધારી નરશીદાસના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા.

સાંજે સભામાં પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા. મોડી રાત્રે પરત બ્રહ્મજ્યોતિ પધાર્યા

**૧૭ જુલાઈ, બુધવાર...** સાંજે 'અક્ષરમહોલ'માં યોજેલ વિદાય-મિલન સભામાં યુ.કે. પધારતા સાધુ પૂ. અશોકદાસજી અને પૂ. પ્રેરકદાસજીને આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ જુલાઈ, ગુરુવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી મૂર્તિઓનાં દર્શન-પ્રાર્થના તેમજ કીર્તનભક્તિનો આનંદ માણ્યો. સાંજે હરિધામ-સોખડા પધારી પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી સ્મૃતિમંદિરમાં દર્શન કરી, અ.નિ. સાધુ પ.પૂ. આચાર્ય સ્વામીજીની અંતિમ સંસ્કારવિધિમાં પધાર્યા. ત્યાંથી સોખડા ગામમાં અંકુરભાઈના ઘરે પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને સત્સંગનો લાભ આપ્યો. 'સાહેબજી પ્રાગટ્ય સ્મૃતિમંદિર'નાં દર્શન કર્યાં. મોહનભાઈના ઘરે પધરામણી કરી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી.

**૧૯ જુલાઈ, શુક્રવાર...** સવારે 'પ્રજ્ઞાનતીર્થ'માં યોજેલ યુવાનોની સભામાં પધારી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અદ્ભુત માર્ગદર્શન-આશીર્વાદ આપ્યાં. સાંજે મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૨૦ જુલાઈ, શનિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. સાંજે 'અક્ષરમહોલ'માં હિંડોળાનાં દર્શન માટે પધારી સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ જુલાઈ, રવિવાર...** સવારે ગુરુપૂર્ણિમાના મંગલપર્વે 'યોગીપ્રસાદ'ના હૉલમાં યોજેલ ઉત્સવસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. યુ.કે.થી પધારેલ પ્રદીપભાઈ ધામેચા અને દુબઈથી પધારેલ પુનિરભાઈ મહેતાનાં અભિવાદન કર્યાં. સાંજે યજ્ઞશાળામાં યોજેલ યજ્ઞમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સંદીપભાઈ હરણિયા-દર્શનાબહેન (રાજકોટ)ના નૂતન આવાસ માટે યજ્ઞમાં પધરાવેલ મૂર્તિઓનાં પૂજન કર્યાં.

**૨૨ જુલાઈ, સોમવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી મૂર્તિઓનાં દર્શન-પ્રાર્થના તેમજ કીર્તનભક્તિનો આનંદ માણ્યો. વિદેશની તીર્થયાત્રાએ પધારતા પૂર્વે 'પારમિતા' સભાખંડમાં યોજેલ વિદાય-મિલન સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. મોડી રાત્રે સૌની ભાવભીની વિદાય લઈ અમદાવાદ ઍરપૉર્ટ પધારી મોટી સંખ્યામાં ઉપસ્થિત અમદાવાદ મંડળના ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. વહેલી સવારે ઊપડતી ફ્લાઇટમાં દુબઈ થઈને લંડન-હિથ્રો ઍરપૉર્ટ પધાર્યા.

**૨૩ જુલાઈ, મંગળવાર...** લંડન-હિથ્રો ઍરપૉર્ટ ઉપર સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. હિંમત સ્વામીજી, સતીશભાઈ, વિનુભાઈ, વિજયભાઈ આદિ મુક્તોએ સ્વાગત કર્યાં. ડેન્હમ-બ્રહ્મજ્યોતિ પર સાંજે પધાર્યા ત્યારે ઉપસ્થિત સૌએ વાજતેગાજતે સત્કાર્યા. સ્વાગતસભાના અંતે સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ જુલાઈ, બુધવાર...** બપોરે 'ગરવી ગુજરાત'ના માલિક શૈલેશભાઈ, કલ્પેશભાઈ સોલંકી અને પરિવારજનોને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૫ જુલાઈ, ગુરુવાર...** સાંજે સભામાં ખૂબ મોટી સંખ્યામાં પધારેલ ભક્તોને સત્સંગલાભ આપ્યો.

**૨૬ જુલાઈ, શુક્રવાર...** હરીશભાઈ મુનિના ઘરે યોજેલ ઈકનહામ મંડળની સભામાં પધારી સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૭ જુલાઈ, શનિવાર...** સવારે આરતીમાં પધારેલ સૌ યુવા અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે ધારી ગામના નઝમુભાઈ વિરાનીને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૮ જુલાઈ, રવિવાર...** સવારે ગુરુપૂર્ણિમાના મંગલ ઉત્સવમાં પધારી મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઉત્તર પ્રદેશનાં ગવર્નર સુશ્રી આનંદીબહેનના અંગત સચિવ અશોકભાઈ-ગીતાબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૯ જુલાઈ, સોમવાર...** વાસંતીબાના ઘરે પધારી હિમાંશુભાઈ અને પરિવારના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૩૦ જુલાઈ, મંગળવાર...** આખો દિવસ મંદિરે બિરાજી સ્થાનિક તથા દર્શનાર્થે પધારેલ ભક્તોને દર્શન-સમાગમનો લાભ આપ્યો. સાંજે આરતી બાદ સત્સંગસભામાં સૌ હરિભક્તોને અદ્ભુત સત્સંગલાભ પ્રદાન કર્યો.

**૩૧ જુલાઈ, બુધવાર...** સવારે દુબઈથી રાજશ્રીબહેન પધાર્યાં તેમનું સ્વાગત કર્યું. બપોરે લેઈસ્ટર ખાતે વિજયકુમાર-દર્શનાબહેનના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી. ◆

# પરદેશમાં પ્રભુનો પ્રસંગ : સાહેબજી અને સંતોને સંગ

ગુરુદેવ યોગીજી મહારાજના કૃપાશિષથી સંતભગવંત સાહેબજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ડંકા દિગંતમાં ગુંજાવ્યા. દેશ-વિદેશમાં અવિરત વિચરણ કરી સત્સંગની જ્યોત જલાવી. સૌ ભગવાનનાં સુખે સુખી થાય તે માટેનો સહજ અને સુલભ માર્ગ પ્રશસ્ત કર્યો. દર્શન, સમાગમ અને આશીર્વાદના લાભ આપી સૌને અધ્યાત્મમાર્ગે આગળ વધવા બળ પ્રદાન કર્યાં. પ્રતિ વર્ષ પરદેશની ધર્મયાત્રાઓ દ્વારા ઊછરતી પેઢીમાં સંસ્કારસિંચન કર્યાં અને સંસ્કૃતિનાં સંવર્ધન થાય તે માટે પણ પ્રવૃત્ત રહ્યા. સમાજસેવા અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં સૌને જોડી સદાચારના માર્ગે ચાલતાં કર્યાં અને અનેકોનાં ઉત્થાન કર્યાં. સંતભગવંત સાહેબજીએ સૌને નિરપેક્ષ પ્રેમ આપ્યો છે, જેના પરિણામે સૌ ભક્તોને તેમનાં દર્શન કરવા અને તેઓના સાંનિધ્યમાં રહેવાની હંમેશાં અનેરી તાલાવેલી રહેતી હોય છે. દૂરદૂરથી પોકાર કરતા આત્માઓને સંબંધ અને સત્સંગલાભ આપવા સંતભગવંત સાહેબજી દર વર્ષે પરદેશની ધર્મયાત્રાએ પધારે છે. આ વર્ષે ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ તેઓ સેવક સંતો સાથે ઈંગ્લૅન્ડ પધાર્યા. ત્યાં વિવિધ ઉત્સવોમાં પોતાની દિવ્ય નિશ્રાનો લાભ આપી તેઓ અમૅરિકા પધારશે. તેઓના પુનિત સાંનિધ્યે પિયોરિયા ખાતે ઑગસ્ટ માસમાં યોજાનાર શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં પધારનાર હજારો ભક્તોને દર્શન અને આશીર્વાદનું સુખ પ્રદાન કરશે. સાહેબજી અને સંતોને સંગ, પરદેશમાં પ્રભુનો પ્રસંગ થશે, જેની અનુભૂતિ અલૌકિક બની રહેશે.

૨૨ જુલાઈ ૨૦૨૪ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીથી સૌની ભાવભરી વિદાય ઝીલી રાત્રે અમદાવાદ ઍરપૉર્ટ પરથી ફ્લાઈટમાં સંતભગવંત સાહેબજી અને સેવક સંતો સાધુ પૂ. અર્પિતદાસજી અને પૂ. બિમલદાસજી ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ અનુપમ મિશન, ડૅન્હમ-ઈંગ્લૅન્ડની પુણ્યભૂમિ પર પધાર્યા. સાધુ પૂ. હિંમત સ્વામીજી, સાધુ પૂ. દિલીપદાસજી ને સંતો સાથે સતીશભાઈ ચતવાણી, વિજયભાઈ ઠક્કર, વિનુભાઈ નકારજા, હરીશ મુનિ આદિ સંતો-હરિભક્તોએ લંડનના હિથ્રો ઍરપૉર્ટ પર પુષ્પગુચ્છ અર્પણ કરી ભક્તિભાવ અને ઉમળકાથી ગુરુહરિ સંતભગવંત સાહેબજી અને સંતોનાં સ્વાગત કર્યાં. સાહેબદાદા અને સંતો અનુપમ મિશનની ડૅન્હમ સ્થિત તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પધાર્યા. સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ ! બાલ-બાલિકાઓએ હાથમાં પતાકાઓ, માથે કળશ ધારણ કર્યાં, સૌ યુવાનો-યુવતીઓએ ઢોલ-નગારાં વગાડી તેમજ વડીલ ભાઈઓ-બહેનોએ હસ્તમાં અનુપમ મિશનના ધ્વજ ધારી રાખીને સંતભગવંત સાહેબજીને મંદિરના મુખ્ય દ્વાર સુધી દોર્યા. દીકરીઓ-બહેનોએ સુંદર સ્વાગતનૃત્ય દ્વારા સંતભગવંત સાહેબજીને મંદિરમાં આવકાર્યા. સંતભગવંત સાહેબજીએ અત્યંત પ્રસન્નતા રેલાવી આશીર્વાદ પ્રદાન કર્યા કે, 'આવી જ રીતે આપણે સૌએ ભેગાં મળીને માયા સામે જંગ ઉપાડવો છે. અમહિમા, માથાકૂટ, ભાવફેરને આપણાં ઘરમાં-સત્સંગમાં પેસવા ના દેવાં. યોગીબાપાને ગમે છે તેમ સૌ ભેગાં મળી, સંપ-સુહૃદભાવ અને એકતાથી કામ કરીએ કે જેથી ભગવાન રાજી થાય.'

૨૪થી ૨૭ જુલાઈ દરમિયાન સંતભગવંત સાહેબજીએ ડૅન્હમની તપોભૂમિ પર જ બિરાજીને દર્શને પધારનાર સંતો, મહાનુભાવો, ભક્તોને સાંનિધ્ય અને સમાગમનું સુખ આપ્યું. રવિવાર, ૨૮ જુલાઈના



ઈંગ્લૅન્ડની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ભક્તિઉમંગે સંતભગવંત સાહેબજીનાં સ્વાગત



સ્વાગતસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન





ગુરુપૂર્ણિમાના માંગલ્યપ્રદ અવસરે સંતો દ્વારા સંતભગવંત સાહેબજીનાં પૂજન અને પુષ્પહારરૂપી હૃદયભાવ અર્પણ

રોજ સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યમાં ખૂબ જ મોટી સંખ્યામાં ગુરુપૂર્ણિમાનો પવિત્ર ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાયો.

ગુરુપૂર્ણિમાના પર્વે ગુરુવંદન, ગુરુપૂજનનો મહિમા ખૂબ મોટો છે. ગુરુનાં વચન આપણાં જીવનનાં આચરણ હોય તે યથાર્થ ગુરુવંદન ! અને સંપ, સુહૃદભાવ, એકતાનાં અનુસરણ કરી, સૌની નિર્દોષભાવે યુક્ત સેવા કરી, સૌનો મહિમા સમજી, ગુણગાન ગાઈને ગુરુના કાર્યને વહેતું રાખીએ તેનાં સુફલરૂપે ગુરુના અંતરનો રાજીપો પ્રાપ્ત થાય તે યથાર્થ ગુરુપૂજન ! ગુરુપૂર્ણિમાના કેવળ એક દિવસે જ નહીં, પરંતુ, આપણાં જીવનની પ્રત્યેક પળ આવાં યથાર્થ ગુરુવંદન અને ગુરુપૂજનમાં વહે તેવી સૌએ હૃદયથી પ્રાર્થના કરી.

અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ અને દ્યુતિબહેન બુચ દ્વારા ગુરુમહિમાનાં અદ્‌ભુત ભજનો ને સ્તુતિનાં ગાન કરાયાં. ભાવિશાબહેને સી. બી. પટેલ, શૌનક ઋષિદાસજી, શ્રી વર્તન, કાઉન્સિલર શ્રી રાવજીભાઈ ચૌહાણ, સતીશભાઈ ચતવાણી, વિનુભાઈ નકારજા અને ઉપસ્થિત સૌ ભક્તજનોનું શબ્દોથી સ્વાગત કર્યું તેમજ ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુહરિના મહિમાનાં ગાન કરી સૌને ગુરુમૂર્તિમાં ગરકાવ કર્યાં. સતીશભાઈ ચતવાણીએ પણ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યું. સંતભગવંત સાહેબજીએ સૌને આશીર્વાદ આપતાં જણાવ્યું કે, 'સત્પુરુષમાં ભગવાન પ્રગટ છે તે ભાવથી તેઓની આજ્ઞાનું પાલન કરીશું તે સાચું ગુરુપૂજન ગણાશે અને આપણે સૌ દોષરહિત, સ્વભાવરહિત થતાં જઈશું. કોઈની માથાકૂટમાં પડવું જ નહીં અને નિર્દોષબુદ્ધિ રાખવી. બીજાનો કેવળ ગુણ જોવો, મહિમા ગાવો અને ગુરુવચને સેવા-ભક્તિ કરતાં જ રહેવાની.' ભક્તિની આવી અનુપમ સૂઝ-સમજ સૌને આપી અક્ષરધામના આનંદની અનુભૂતિ કરાવી.

અંતે સૌ ભક્તોએ શ્રીજી મહારાજની પ્રાસાદિક ચરણપાદુકાનાં પૂજનનો અને ગુરુપૂજનનો લાભ લીધો. ઉપસ્થિત સૌ ભક્તોએ આ દિવ્ય પળોની ધન્યતા અનુભવી. ◆



ગુરુપૂર્ણિમાના પાવનપર્વે ઇંગ્લૅન્ડની બાળપેઢી દ્વારા ગુરુભક્તિ અર્પણ



ઇંગ્લૅન્ડ મંદિરે ગુરુપૂર્ણિમાની ઉત્સવસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્વાદ

# ભાગ્ય બડે જહાં સંત પધારે

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતો અમેરિકામાં સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અવિરત વિચરણ કરી સૌ ભક્તોને દિવ્ય સાંનિધ્ય તેમજ સત્સંગનું અદ્‌ભુત સુખ પ્રદાન કરી રહ્યા છે. પૂ. અશ્વિનદાદાનાં માર્ગદર્શન ને આશીર્વાદથી સૌને અનેરો સમાસ થાય છે. સૌ ભક્તોનાં ઘર ને મનમંદિર પાવન થઈ રહ્યાં હોય તેવો સૌને દિવ્ય અનુભવ થઈ રહ્યો છે. જુલાઈ માસમાં તેઓએ સતત વિચરણ કરી સત્સંગપ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં પધારી તેને વેગ આપ્યો અને કાર્યકર્તાઓને બળ પૂરું પાડ્યું.

૫ જુલાઈના રોજ સવારે લૉસ ઍન્જલસના નૂતન મંદિરે આરતી અને મંગલ પ્રાત: પૂજા કરી આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની પૂજાનો લાભ લેવા અને વિદાય આપવા માટે મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા. લૉસ ઍન્જલસથી સૌની ભાવભરી વિદાય લઈને સંતો ઍલનટાઉન પધાર્યા. ઍલનટાઉન ઍરપૉર્ટ પર જિતુભાઈ, રાજાભાઈ, ભરતભાઈ કઢીવાલા અને ભક્તોએ સ્વાગત કર્યાં. મોડી રાત્રે ઍલનટાઉન મંદિરે પધાર્યા, જ્યાં સંતો-હરિભક્તોએ પૂજન-પુષ્પાર્પણ કરી અને દીકરીઓએ સ્વાગતનૃત્ય કરી ભક્તિભાવથી સંતોને આવકાર્યા.

૬ જુલાઈની વહેલી સવારે સંતોએ મંદિરે આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં. હરિધામ-સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજ સંતો, ભક્તોને લઈને ઍલનટાઉન મંદિરે દર્શનાર્થે પધાર્યા. તેઓનાં સ્વાગત કરી સભામાં આશીર્વાદ પાઠવ્યા. બપોરે મુંબઈના નિષ્ઠાવાન હરિભક્ત દેવેનભાઈ-જયશ્રીબહેન પઢિયારના દીકરા રોનક-ઊર્વીની સગાઈની મહાપૂજામાં આશીર્વાદ પાઠવ્યા. તેમજ સોનલબાની પૌત્રી અનમોલ-બ્રિજનને તેઓના ૧૫ જુલાઈના રોજ થનાર લગ્ન નિમિત્તે પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઍલનટાઉન, લૅન્સડેલ, ન્યૂજર્સી અને મૅરિલૅન્ડ મંડળના ભક્તો દ્વારા યોજિત સ્વાગતસભા અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પ્રાગટ્યપર્વની સભામાં પધાર્યા. સૌના સ્વાગતભાવ ઝીલી સૌની ભક્તિને બિરદાવી. બાળકો-યુવાનો-યુવતીઓ દ્વારા પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યપર્વની વિશિષ્ટ કાર્યક્રમ દ્વારા ઉજવણી કરવામાં આવી. બાળકોએ કાલીઘેલી ગુજરાતી ભાષામાં 'સાધુરામ જીવનગાથા' કહી અને ધૂન-ભજન ગાઈને પ્રાર્થના અર્પણ કરી. આ પ્રસંગે કેતનભાઈ, પ્રિયાબહેન (ન્યૂજર્સી), જયતીબહેન, પ્રિયાબહેન (બૉસ્ટન), બ્રિજેશભાઈ, સોનલબા અને સાધુ પૂ. કૌશિકદાસજીએ પૂ. અશ્વિનદાદા સાથેના જીવન અનુભવની ખૂબ હૃદયસ્પર્શી વાતો કરી મહિમાગાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પાઠવ્યા.

૭ જુલાઈના રોજ રથયાત્રાના અતિ પવિત્ર દિવસે સવારે આરતીમાં સ્થાનિક સંતો-ભક્તોએ પૂ. અશ્વિનદાદાના તિથિ મુજબના પ્રાગટ્યદિને ભાવવંદના ધરી. સવારે ન્યૂજર્સીમાં જયંતભાઈ-રાજલબહેનના નૂતન નિવાસસ્થાને મહાપૂજામાં પધારી પ્રાર્થનાઓ કરી અને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નિષ્ઠાવાન ભક્તરાજ મીનેશભાઈ-પ્રેરણાબહેનની દીકરી ઋષિતા-અંકિતની લગ્ન પૂર્વની વિધિમાં પધારી આશીર્વાદ આપ્યા. ૮ જુલાઈના રોજ સવારે ઋષિતા-અંકિતની લગ્નવિધિ દરમિયાન હાજરી આપી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. સાંજે મહેન્દ્રભાઈ રાય-કુસુમબહેનના નિવાસસ્થાને પધરામણી કરી, થાળ-આરતી-ધૂન-પ્રાર્થનાઓ કરી રાત્રે પરત ઍલનટાઉન મંદિરે પધાર્યા. ૯ જુલાઈની બપોરે દેવાંગભાઈ ઈપ્કોવાલાને જન્મદિવસનાં ખાસ અભિનંદન અને



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં સ્વાગત



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની સભામાં બાળકો દ્વારા ભાવાર્પણ

આશીર્વાદ પાઠવ્યાં. બપોર પછી ઍલનટાઉનમાં નિવાસ કરતાં ચંદ્રેશભાઈ-ધારણાબહેનના નૂતન આવાસમાં પધારી આરતી-ધૂન-પ્રાર્થના કરી. ત્યાંથી શિવાનીબહેન-હિરેનભાઈના નૂતન આવાસના પ્લૉટ પર પધારી ધૂન-પ્રાર્થના તેમજ મંત્રપુષ્પાંજલિ કરી આશીર્વાદ પાઠવ્યા. ઍલનટાઉન મંદિરે સંધ્યા આરતી બાદ સ્થાનિક ભક્તોને વચનામૃત ગઢડા મધ્ય ૪૫-'એકાવન ભૂતનું ટોળું કાઢવાનું'નું નિરૂપણ કરી અદ્‌ભુત સત્સંગલાભ પ્રદાન કર્યો.

૧૦ જુલાઈની સવારે ધૂન-આરતી બાદ મંદિરમાં ભક્તોને પૂ. અશ્વિનદાદાની પ્રાતઃ પૂજાનાં દર્શન-સમાગમનો લાભ પ્રાપ્ત થયો. સાંજે સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. જયેશદાસજી, પૂ. અરવિંદદાસજી, પૂ. જયેન્દ્રદાસજી, પૂ. મૂકેશદાસજી, પૂ. ઉત્પલદાસજી આદિ સૌએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સાથે ગૅટિસબર્ગ મીનેશભાઈ-પ્રેરણાબહેનના ઘરે પધારી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે અમૅરિકામાં વર્ષોથી ચાલતી ફોન સભામાં પૂ. અશ્વિનદાદા અને સંતોએ જોડાઈ સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

૧૧ જુલાઈની સવારે પૂ. અશ્વિનદાદાની મંગલ પ્રાતઃ પૂજાનો લાભ લેવા ગૅટિસબર્ગ મંડળના અક્ષરમુક્તો તથા મીનેશભાઈ-પ્રેરણાબહેનનાં કુટુંબીજનો પધાર્યાં તે સૌને આશીર્વાદ પ્રદાન કર્યા. ત્યારબાદ સંતો-ભક્તો સાથે પૂ. અશ્વિનદાદા વર્જિનિયા પધાર્યા. બપોરે મૂકેશભાઈ-હેતલબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થનાઓ કરી અને શ્રી ઠાકોરજી મહારાજનો થાળ અને આરતી અર્પણ કર્યાં. ત્યારબાદ સંતોએ યોર્કટાઉનમાં રહેતા અને ન્યૂપૉર્ટ ન્યૂઝ મંડળની સભામાં આવતા ભક્તો મૂકેશભાઈ-ધર્મિષ્ઠાબહેનની મૉટેલ, મનીષભાઈ-દિવ્યાબહેનની મૉટેલ, રિતેશભાઈ-હેતલબહેનની મૉટેલ, મિતુલભાઈ-કૌશાનીબહેનની મૉટેલ તથા નિમેશભાઈ-કીર્તિબહેનની મૉટેલ પર પધરામણી કરી, આરતી, ધૂન અને પ્રાર્થનાઓ કર્યાં. ન્યૂપૉર્ટ ન્યૂઝમાં જયંતીભાઈ-ભારતીબહેનના ઘરે પધરામણી કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી.

૧૨ જુલાઈની સવારે ઍક્સપ્રેસ ઈન મૉટેલમાં પૂ. અશ્વિનદાદાની મંગલ પ્રાતઃ પૂજાનો ન્યૂપૉર્ટ ન્યૂઝ અને રિચમંડ મંડળના સૌ ભક્તોએ દિવ્ય લાભ લીધો. મૉટેલની ઑફિસમાં આરતી-ધૂન-પ્રાર્થનાઓ કરી. ત્યારબાદ પૂરવભાઈ-નિક્કીબહેનની મૉટેલ, મિતુલભાઈ-પૂર્વીબહેનની મૉટેલમાં પધરામણી કરી, ધૂન-પ્રાર્થનાઓ કરી. સાંજે વિરલભાઈ-ભાવિતાબહેનના આવાસ પર નૂતન મૂર્તિઓનાં પ્રતિષ્ઠાપૂજન, મહાપૂજા અને સભામાં પધારી પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા.

૧૩ જુલાઈની સવારે ભાવેશભાઈ-કિરપાબહેનના ઘરે પૂ. અશ્વિનદાદાની મંગલ પ્રાતઃ પૂજાનાં આયોજન સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી બેઝમૅન્ટમાં તૈયાર થયેલ સુંદર મંદિરના હૉલમાં થયાં. બપોરે મનીષભાઈ-મનીષાબહેનના ઘરે પધરામણી કરી, આરતી-ધૂન-પ્રાર્થનાઓ કરી. સાંજે અનુપમ મિશનના રિચમન્ડ કેન્દ્રના મંદિરે સભા થઈ, જેમાં સંતો-ભક્તોએ માહાત્મ્યભાવ વહાવ્યા અને પૂ. અશ્વિનદાદાએ સૌ પર આશીર્વાદ વરસાવ્યા.

૧૪ જુલાઈના રોજ ભાવેશભાઈ-કિરપાબહેનના ઘરમંદિરમાં પૂ. અશ્વિનદાદાની મંગલ પ્રાતઃ પૂજાનાં આયોજન થયાં, જેનો સૌ સ્થાનિક હરિભક્તોએ લાભ લીધો. ત્યારબાદ આશિષભાઈ-પારુલબહેનના ઘરે મહાપૂજામાં પ્રાર્થનાઓ કરી આશીર્વાદ આપ્યા. ત્યાંથી નીતિનભાઈ-મધુબહેનના ઘરે પધરામણી કરી અને શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ આરતી-ધૂન-પ્રાર્થનાઓ અને થાળ અર્પણ કર્યાં. સાંજે રિચમન્ડ મંદિરે પૂ. અશ્વિનદાદાના ૮૩મા પ્રાગટ્યપર્વની સભા થઈ. તેમાં બાળકો દ્વારા પૂ. અશ્વિનદાદાનાં જીવનદર્શન પર ખૂબ જ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરાયો. સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. ઉત્પલદાસજીએ સુંદર માહાત્મ્યદર્શન કરાવ્યાં અને બેનાબહેન, રાજવીબહેન, વત્સ અને દિયાબહેને પણ મહિમાગાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સુંદર આશીર્વાદ વરસાવ્યા.

૧૫ જુલાઈ, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનો તારીખ પ્રમાણે પ્રાગટ્યદિન ! સવારે અનિલભાઈ-જસુબહેનના ઘરે મંગલ પ્રાતઃ પૂજા કરીને રિચમન્ડ મંદિરના પંચમ પાટોત્સવવિધિમાં પધાર્યા. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીના ફોન દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થયા. સાધુ પૂ. ઉત્પલદાસજી અને મિહિરભાઈ દ્વારા પાટોત્સવ વિધિ કરાવવામાં આવી.



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીની સ્વાગતસભામાં આશીર્દાન

પૂ. અશ્વિનદાદાએ સુંદર આશીર્વાદ પ્રદાન કર્યા. ત્યારબાદ દિલીપભાઈ–રીમાબહેનના નૂતન આવાસમાં મહાપૂજા કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે રિચમંડ મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યપર્વ, પવિત્ર રક્ષાબંધન પર્વ અને ગુરુપૂર્ણિમા મંગલકારી પર્વની ઉજવણી થઈ. સભામાં સાધુ પૂ. અરવિંદદાસજી, પૂ, ઉત્પલદાસજી, પૂ. મૂકેશદાસજી અને આશિષભાઈ દ્વારા માહાત્મ્યદર્શન કરાવાયાં. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. મોડી રાત્રે મંદિરેથી ભક્તોની ભાવભીની વિદાય લઈ સંતો અમેલિયામાં આશિષભાઈ–જલ્પાબહેનની મૉટેલ પર પધાર્યા.

૧૬ જુલાઈની વહેલી સવારે અમેરિકન દીકરી એમિલી કે જેને મૉટેલના રિસેપ્શનમાં સ્થાપિત શ્રી ઠાકોરજીની મૂર્તિનાં દર્શન કરી ભાવ થયો હતો, તેની સાથે ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા. મૉટેલમાં સ્થાનિક હરિભક્તોએ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની પૂજાનો લાભ લઈ આરતી અને ધૂન કર્યાં. મૉટેલના રિસેપ્શનમાં પણ ધૂન–પ્રાર્થનાઓ કર્યાં. ત્યારબાદ પૂ. અશ્વિનદાદા અને સંતોએ ઍપોમેટિક્સમાં પ્રશાંતભાઈ–ધર્મિષ્ઠાબહેનની મૉટેલ પર પધારી મહાપૂજામાં પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ સંતોએ લીંચબર્ગમાં રાજભાઈ–નિશાબહેન, સચિનભાઈ–પીનલબહેનના ઘરે પધરામણી કરી ધૂન–પ્રાર્થનાઓ કર્યાં. સાંજે સભા હૉલમાં પધારી પવિત્ર રક્ષાબંધન અને ગુરુપૂર્ણિમા પર્વોનાં આયોજન કરવામાં આવ્યાં હતાં, જેમાં લીંચબર્ગ મંડળના ભક્તોએ મહિમાગાન સાથે પ્રાર્થનાઓ કરી. પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. રાત્રે નરેન્દ્રભાઈ–જ્યોત્સનાબહેનના ઘરે પધાર્યા.

૧૭ જુલાઈના રોજ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની મંગલ પ્રાત: પૂજા બાદ સૌ સંતોએ રોનકભાઈ–પ્રતીક્ષાબહેનના નવા આવાસમાં પધરામણી કરી, મહાપૂજામાં પ્રાર્થનાઓ કરી. ત્યારબાદ પૂ. અશ્વિનદાદા અને સંતો મૅરિલેન્ડ જવા રવાના થયા. લાંબી યાત્રા બાદ સાંજે મૅરિલેન્ડમાં મિહિરભાઈ–રાજવીબહેનના નિવાસસ્થાને પહોંચ્યા. સૌ ભક્તોએ ઉમળકાભેર સ્વાગત કર્યાં. મૅરિલેન્ડ મંડળની સત્સંગસભામાં પૂ. અશ્વિનદાદાના અદ્‌ભુત આશીર્વાદનો સૌએ લાભ લીધો. ૧૮ જુલાઈના રોજ સવારે પૂ. અશ્વિનદાદાની પૂજામાં સૌ ભક્તો પધાર્યા અને દિવ્ય દર્શનનો લાભ લીધો. ત્યારબાદ દિનેશભાઈ–સુષમાબહેનના ઘરે તથા તેઓની દુકાન પર પધરામણી કરી ધૂન–પ્રાર્થનાઓ કર્યાં અને ઍલનટાઉન મંદિર તરફ પ્રયાણ કર્યાં.

૧૯ જુલાઈની સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ મંદિરે ડૉ. તેજનભાઈ–પારુલબહેન સાથે અમદાવાદના ડૉ. અભિજિતભાઈ પધાર્યા હતા તેઓનાં સ્વાગત કરી સમાગમનો લાભ આપ્યો. સાંજે યુવા લીડરો સાથે ૨૦ જુલાઈના રોજ શરૂ થતા યૂથ કૅમ્પ બાબતે ગોષ્ઠિ કરી માર્ગદર્શન આપ્યાં. ૨૦ જુલાઈએ ઍલનટાઉન મંદિરની મૂર્તિઓનો પાટોત્સવ અને ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવાયા.

### ઍલનટાઉન મંદિરનો ૨૧મો પાટોત્સવ અને ગુરુપૂર્ણિમા ઉત્સવ

અમેરિકાના ઍલનટાઉન મંદિરના ૨૧મા પાટોત્સવ પર્વની ઉજવણી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. જયેશદાસજી, પૂ. નરેન્દ્રદાસજી, પૂ. કૌશિકદાસજી, પૂ. અરવિંદદાસજી, પૂ. આશિષદાસજી, પૂ. ઉત્પલદાસજી તથા સાધુ પૂ. મૂકેશદાસજીનાં સાંનિધ્યમાં ખૂબ ભક્તિભાવથી સંપન્ન થઈ. સાધુ પૂ. ઉત્પલદાસજી અને મિહિરભાઈએ આચાર્યપદે બિરાજી શાસ્ત્રોક્ત શ્લોકોચ્ચાર સાથે સુંદર સમજણ આપી પાટોત્સવવિધિ કરાવી. પાટોત્સવ વિધિમાં ૬૦થી વધુ ભક્તોએ યજમાન પદે બિરાજી સેવાનો લાભ લીધો. આ પ્રસંગે સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ



ઍલનટાઉન–યુ.એસ.એ. મંદિરની મૂર્તિઓના પાટોત્સવ પૂજન રત યજમાનો



શ્રી ગુરુપૂર્ણિમાના મંગલપર્વે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા દ્વારા શ્રી ગુરુપૂજન

પ્રાસંગિક ઉદ્‌બોધન કરી મંદિર અને ગુરુમહિમાની વાતો કરી. ત્યારબાદ મિહિરભાઈએ મંદિરમાં થતી યુવાપ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ આપી યુવાઓને પ્રેરણા અને આશીર્વાદ આપનાર સંતભગવંત સાહેબજી અને સૌ સદ્‌ગુરુ સંતોનાં માર્ગદર્શન બદલ આભાર માન્યો. શણગાર બાદ શ્રી ઠાકોરજી રંગબેરંગી ફૂલોના હાર, સોનેરી મુગટ અને કાનમાં કુંડળ સાથે અતિ રમણીય દર્શન આપી રહ્યા હતા. પૂ. અશ્વિનદાદા અને સર્વે સંતોએ શ્રી ઠાકોરજીનાં પૂજન અને આરતી અર્પણ કર્યાં. ત્યારબાદ ગુરુપૂર્ણિમાની સભાનો આરંભ થયો. પૂ. જયેશદાસજી અને પૂ. અરવિંદદાસજીએ સૌ સંતો-ભક્તો વતી પૂ. અશ્વિનદાદાનાં ગુરુપૂજન કરી, હાર અર્પણ કરી હૃદયવંદના ધરી. પૂ. અશ્વિનદાદાએ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીની મૂર્તિઓનાં ગુરુપૂજન કર્યાં તથા હાર અર્પણ કરી શ્રી ગુરુચરણે ભાવવંદના ધરી. રાજાભાઈએ જીવનમાં ગુરુ મળવાથી કેવી અલૌકિક પ્રાપ્તિ થાય છે તેની ભક્તોના જીવંત પ્રસંગો દ્વારા હૃદયસ્પર્શી વાતો કરી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી 'ગુરુની વાણી શિષ્ય માટે ગુરુનું સ્વરૂપ છે' તે વાત જણાવી ગુરુભક્તિના પાઠ પાકા કરાવ્યા અને ગુરુવચનને અધ્ધર ઝીલી જીવનમાં સુખદ અનુભૂતિ કરવાની દિવ્ય સમજ આપી. 'ધ્યાનમૂલં ગુરુર્મૂર્તિઃ પૂજામૂલં ગુરુર્પદમ્ મન્ત્રમૂલં ગુરુર્વાક્યં મોક્ષમૂલં ગુરુર્કૃપા' શ્લોકની સાચી સમજણ આપી ગુરુને રાજી કરવાનો માર્ગ ચીંધ્યો. અંતે જયંતભાઈએ આ પ્રસંગે ન્યૂજર્સી, વર્જિનિયા, મૅરિલેન્ડ, રોચૅસ્ટર, બફેલો, બૉસ્ટન, કૅલિફૉર્નિયા અને કૅનેડા મંડળથી પધારેલા સર્વ ભક્તોનો હૃદયના ભાવથી આભાર માન્યો. ત્યારબાદ સૌએ શ્રી ગુરુપૂજનનો લાભ લીધો અને ગુરુ આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી. ◆



ગુરુપૂર્ણિમાના પાવનપર્વે પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં દિવ્ય આશીર્દાન



ગુરુપૂર્ણિમાના પાવનપર્વે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં ભાવપૂજન

૨૧થી ૨૭ જુલાઈ દરમિયાન સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના દિવ્ય સાંનિધ્યે ઍલનટાઉન મંદિરે 'શ્રી યોગી યૂથ કૅમ્પ ૨૦૨૪' યોજાયો. જેનાં વિવિધ સત્રોમાં જુદી જુદી પ્રવૃત્તિઓ દરમિયાન પૂ. અશ્વિનદાદા અને સંતોએ આશીર્વાદ અને માર્ગદર્શન પ્રદાન કર્યાં. વિશેષ તો, યૂથ લીડર્સ દ્વારા આ કૅમ્પનાં સુવ્યવસ્થિત આયોજન કરવા બદલ તેઓ પર પ્રસન્નતા વરસાવી. ૨૮ જુલાઈના રોજ સવારે ન્યૂ જર્સીમાં સંદીપભાઈ-હર્ષાબહેનના નૂતન આવાસમાં પ્રથમવાર મહાપૂજાનાં અને ન્યૂજર્સી મંડળની સભાનાં આયોજન થયાં હતાં, ત્યાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સંતો સાથે પધાર્યા અને પ્રાર્થનાઓ કરી સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા. જયંતભાઈ, મંગલાસાહેબ અને ન્યૂજર્સી મંડળના વડીલો સાથે ગોષ્ઠિ કરી અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. બપોરથી રાત સુધી ન્યૂજર્સી મંડળનાં ઋષભભાઈ-પલકબહેન, શીતલબહેન અને કરીનાબહેન, નીતિનભાઈ-મોનાબહેન, બ્રિજેશભાઈ-કોમલબહેન તથા ચિરાગભાઈ-પ્રિયાબહેનના ઘરે પધરામણી કરી, આરતી-ધૂન-પ્રાર્થનાઓ કર્યાં. મોડી રાત્રે ઍલનટાઉન મંદિરે પરત પધાર્યા.

૨૯ જુલાઈએ સમગ્ર દિવસ દરમિયાન વિવિધ કેન્દ્રોમાંથી પધારેલ યૂથ લીડર્સની સેવાને બિરદાવી તેઓને વિદાય આપી. સાંજે ઍલનટાઉનનાં સુભાષભાઈ-બકીબહેનના નિવાસસ્થાને પધારી આરતી-ધૂન-પ્રાર્થનાઓ કર્યાં. ઍલનટાઉન અને લૅન્સડૅલ મંડળના ભક્તો સાથે ગોષ્ઠિ કરી તેમજ ભજનો ગાઈને સત્સંગ અને સાંનિધ્યનું અનેરું સુખ આપ્યું. ૩૦ જુલાઈના રોજ સવારે સંતો-હરિભક્તો સાથે બફેલો જવા પ્રસ્થાન કર્યું. બફેલોમાં ડૉ. સિદ્ધાર્થભાઈ-સુજાતાબહેનના ઘરમંદિરમાં શ્રી ઠાકોરજી મહારાજ તથા સ્વરૂપોની નૂતન મૂર્તિઓની પ્રતિષ્ઠાની મહાપૂજામાં પધારી પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ મૂર્તિઓનાં પૂજન કરી આરતી, મંત્ર-પુષ્પાંજલિ તથા થાળ અર્પણ કર્યાં. મહાપૂજામાં પધારેલ ભક્તો, વડીલો સાથે અદ્‌ભુત ગોષ્ઠિ કરી મોડી રાત સુધી સમાગમનું સુખ આપ્યું.

૩૧ જુલાઈની સવારે ઉપસ્થિત ભક્તોને પૂજાદર્શન અને ગોષ્ઠિનો લાભ આપી મંદિરમાં શ્રી ઠાકોરજીની આરતી કરી કૅનેડા પધારવા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોએ પ્રસ્થાન કર્યું. ◆

# સત્સંગ સમાચાર

## સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પ્રાગટ્ય ઉત્સવ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ગુરુદેવ યોગીજી મહારાજના સાધુરામ, સંતભગવંત સાહેબજીના પરમ સખા, અનંત ભક્તોના ગુરુવર, ઉપશમ મૂર્તિ સદ્‌ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદાનો ૮૩મો પ્રાગટ્ય ઉત્સવ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીની પરમ દિવ્ય નિશ્રામાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો. તિથિ પ્રમાણે રથયાત્રા-૭ જુલાઈ ૨૦૨૪ના રોજ તેઓના પ્રાગટ્યપર્વની મહિમાસંપન્ન ઉજવણી કરવામાં આવી. આ ઉત્સવનો લાભ લેવા દૂર દૂરથી ખૂબ મોટી સંખ્યામાં સંતો-અક્ષરમુક્તો પધાર્યા અને અલૌકિક ગુણાતીત સાધુના મહિમાનો અને દિવ્ય સત્સંગનો અદ્‌ભુત લાભ લીધો. સંતો અને યુવાનોએ 'યોગીપ્રસાદ'ના સભાખંડમાં સુંદર સુશોભન કર્યું હતું. સભાપ્રારંભે અનુપમ સૂરવૃંદ દ્વારા કીર્તનભક્તિ અદા થઈ. ત્યારબાદ સાધુ પૂ. સરજુદાસજીએ પ્રાસ્તાવિક ઉદ્‌બોધન કરી ઉત્સવના ઉમંગને વધાર્યો અને ભાવથી સૌનાં સ્વાગત કર્યાં.

સાધુ પૂ. પંકજદાસજીએ પૂ. અશ્વિનદાદા જેવા મોટા પુરુષને નિર્દોષ માની કલ્યાણયાત્રાને સરળ અને સુગમ બનાવવાની મહિમાની અદ્‌ભુત વાતો વિવિધ પ્રસંગોનાં વર્ણન સાથે કરી. પૂ. અશ્વિનદાદાના પ્રેમની મૂર્તિ સ્વરૂપે થયેલા દિવ્ય અનુભવ અને પ્રસંગોનાં વર્ણન કરી મહિમાનાં ગાન અમદાવાદના દિવ્યાંગભાઈએ કર્યાં. પૂ. અશ્વિનદાદાની ઉપશમ અવસ્થા, ગુરુ તરફની દિવ્ય દષ્ટિ અને ગુરુભક્તિના પ્રસંગોનાં વર્ણન કરી સાધુ પૂ. રાજુદાસજીએ સુંદર માહાત્મ્યગાથા રજૂ કરી. સુરતના અક્ષરમુક્ત બિમલભાઈ સુખડિયાએ મહિમાની વાતો કરતાં કહ્યું કે, 'સાહેબદાદાની આંખ ફરે અને અશ્વિનદાદાનો દેહ ફરે એવી તેઓની ભક્તિ છે. આવા સાધુને ઓળખી લઈ, તેઓની અનુવૃત્તિ પ્રમાણે જીવન જીવી લઈએ તે જ આ સમયની માંગ છે.' સાધુ પૂ. રમેશદાસજી ઝાએ પ્રાસંગિક સુશોભનભાવને સમજાવી ગુણાતીતાનંદ સ્વામીની 'વાત'ના આધારે પૂ. અશ્વિનદાદાના મહિમાનું ગાન કર્યું. ત્યારબાદ સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ માર્મિક વાર્તા કહી પૂ. અશ્વિનદાદાનાં પ્રેરક જીવન અને દિવ્ય કાર્યનું અદ્‌ભુત વર્ણન કર્યું. સાધુ પૂ. પરેશદાસજીએ યુવાઓના માર્ગદર્શક તરીકે પૂ. અશ્વિનદાદાએ કરેલાં અમાપ અને અદ્‌ભુત કાર્યોને સ્વાનુભવના પ્રસંગો વર્ણવી મહિમાગાન કર્યાં.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ ગુરુદેવ યોગીજી મહારાજે સંતભગવંત સાહેબજીને તેઓની યુવાન અવસ્થામાં લખેલા પત્રને ટાંકીને યુવાનોને બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરાવવાના આપેલા આશીર્વાદની સ્મૃતિ કરી. યોગીબાપાના આશીર્વાદ તથા સંતભગવંત સાહેબજીનાં પ્રેમ અને માર્ગદર્શનથી સદ્‌ગુરુ સંતો કેવી સ્થિતિ પામ્યા તેની અદ્‌ભુત વાતો કરી તેઓએ સ્વરચિત સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના મહિમાના પાંચ સ્તુતિશ્લોકનાં ગાન કરી ભક્તિવંદના ધરી. 'પૂ. અશ્વિનદાદાના જીવન પર સાહેબદાદા શાસન કરી શકે એવી તેઓની પાત્રતા છે, શિષ્યત્વ છે' તેમ જણાવી પૂ. અશ્વિનદાદાની પ્રબંધન નિપુણતા, સર્વ વાતમાં સમર્થતા અને છતાં દાસત્વભાવની સુંદર વાતો કરી સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ આપ્યા.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા, 'પૂ. અશ્વિનદાદા જેવા ગુણાતીતભાવને પામેલા સંતની આજ્ઞા પાળવાથી ભવભવના રોગ






તિથિ પ્રમાણે રથયાત્રા તથા તારીખ પ્રમાણે ૧૫ જુલાઈના મંગલકારી દિવસે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પ્રાગટ્યપર્વની સભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

ટળી જાય, જીવનો મોક્ષ થઈ જાય.' આવા સંતના મહિમાની કસર ટાળવાની સમજ વિવિધ પ્રસંગોનાં વર્ણન કરીને આપી. અઠવાડિક સભામાં નિયમિત હાજરી આપી સત્સંગમાં સક્રિય બનવા આહલેક જગાવી. મોટી સંખ્યામાં પધારેલા ભક્તોએ ઉત્સવ-ઉમંગ અને મહિમા વધાર્યો તે સૌને તેમજ ઉત્સવની સેવામાં ભક્તિ અદા કરનાર સૌ સંતો-યુવાનોની ભક્તિને બિરદાવી અદ્ભુત આધ્યાત્મિક લાભ આપ્યો.

સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના તારીખ પ્રમાણેના પ્રાગટ્યદિન ૧૫ જુલાઈના રોજ 'પારમિતા' સભાખંડમાં સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે ઉત્સવસભાનું આયોજન થયું. સાધુ પૂ. પીટરદાસજી, પૂ. રવિદાસજી, અમિતભાઈ (અમદાવાદ), યોગેન્દ્રભાઈ (ઈંગ્લૅન્ડ), પૂર્વાબહેન (વલ્લભવિદ્યાનગર) આદિએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની ગુણાતીત સ્થિતિનાં અદ્ભુત દર્શન કરાવ્યાં. ◆

*** ઉપાસના ધામ, વેમાર :** ૧૪ જુલાઈ ૨૦૨૪, રવિવારના રોજ ઉપાસના ધામ, વેમાર મંદિરે જુલાઈ માસની કીર્તન આરાધનાની સાથે સંતભગવંત સાહેબજીની પરમ દિવ્ય ઉપસ્થિતિમાં સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૩મા પ્રાગટ્યપર્વની ઉજવણી ભક્તિમાહાત્મ્ય સાથે કરવામાં આવી. સંતભગવંત સાહેબજી સાથે સદ્ગુરુ સાધુ પૂ. રતિકાકા, સાધુ પૂ. વાસુદેવદાસજી, પૂ. કાનજીદાસજી (સુરત) ને સંતો, શંકરકાકા (વડોદરા), રાજશ્રીબહેન (દુબઈ), ડૉ. પાર્થિવભાઈ (અમદાવાદ) આદિ મહાનુભાવો પધાર્યાં. કાનમ, વડોદરા, ચરોતર, અમદાવાદ, સુરત, અંકલેશ્વર, તુંડી, બારડોલી, મુંબઈ, મોરબી વગેરે મંડળના મુક્તો પણ ખૂબ મોટી સંખ્યામાં પધાર્યા. અમદાવાદ મંડળના અમિતભાઈ અને સૂરવૃંદની ટીમે ખૂબ જ સુંદર મહિમાયુક્ત કીર્તનભક્તિમાં સૌને રસબોળ કર્યાં. અદ્ભુત સુશોભન અને વાતાવરણમાં પ્રસરેલી દિવ્યતા સૌને અલૌકિક આનંદની અનુભૂતિ કરાવતી હતી.


ઉપાસના ધામ, વેમાર મંદિરે પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યપર્વે સાહેબજીનાં આશીર્દાન

રાજુભાઈ પટેલ (અંકલેશ્વર), ઘનશ્યામભાઈ પાઠક (અમદાવાદ), સાધુ પૂ. સરજુદાસજી અને પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક મહિમાનાં ગાન કરી સૌને પૂ. અશ્વિનદાદાની દિવ્ય સ્મૃતિમાં ગરકાવ કર્યાં. સદ્ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા, 'પૂ. અશ્વિનદાદા આપણને રોકી-ટોકીને પણ સમજણપૂર્વક આધ્યાત્મિક રીતે આગળ વધારે છે. તેઓ સૌની સેવા સૌને સુખિયા કરવાના ભાવથી કરે છે. માવતર તરીકે પ્રેમ આપી, સલાહ આપીને પણ સાધકને સાહેબદાદામાં જોડે છે. ચાતક પક્ષીની જેમ તેઓની નજર હંમેશાં સાહેબદાદા પ્રતિ જ રહે છે અને તેઓને રાજી કરવાના ભાવથી જ તેમનું જીવન વહે છે.'

આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરતાં જણાવ્યું, 'જીવનમાં સમર્પણ પ્રગટે ત્યારે ભક્તિનો ઉદય થાય અને ત્યારે પ્રભુની પ્રાપ્તિ થાય. એવું જીવન સદ્ગુરુ સાધુ અશ્વિનદાદાનું છે. તેઓ પ્રેમ અને સમર્પણભક્તિથી યોગીબાપા સાથે જોડાયા તો પ્રભુને પામી ગયા અને પ્રભુ આપતા થઈ ગયા. માતા જેમ બાળકને કડવું ઓસડ પીવડાવે તેમ સાચી શિખામણ સાચા સાધુ આપે; એવા આપણા અશ્વિનદાદા છે. એમને ભગવાન અને ગુરુ સિવાય કોઈની આસક્તિ નથી. ગમે તેવી પરિસ્થિતિમાં ભાવફેરમાં ના પડે અને સામેવાળામાં નિર્દોષભાવ રહે તો એ સાચા સાધુનું લક્ષણ છે. આવા સાધુની અદ્ભુત ભેટ યોગીબાપાએ આપણને આપી છે ! એટલે એમના પ્રાગટ્યદિનની આપણે ઉજવણી કરીએ છીએ.' આવા અદ્ભુત આશિષ પામી સૌએ ધન્યતા અનુભવી. આવા પરમ ભક્તિભાવ અને આનંદ સાથે સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી સંપન્ન થઈ. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** ૨૮ જુલાઈ ૨૦૨૪, રવિવારના દિવસે ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે જુલાઈ મહિનાની માસિક કીર્તન આરાધનામાં સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના ૮૩મા પ્રાગટ્યપર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી. યુવાનો દ્વારા 'યોગીબાપાના સાધુરામ સાહેબદાદાના વ્હાલા' સૂત્રની વિશિષ્ટ થીમ આધારિત સુશોભન કરવામાં આવ્યું. સૂરવૃંદ દ્વારા ચાતુર્માસ અને હિંડોળા પર્વ તથા સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના મહિમાનાં અદ્ભુત કીર્તનો રજૂ થયાં. સુશોભનની સેવાના યુવાનો વતી ધીરભાઈએ પૂજન તથા ઋષભભાઈએ પુષ્પથી સતોનાં સ્વાગત કર્યાં. ઘનશ્યામભાઈ પાઠકે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં મંદિર તથા ગુરુમહિમાની વાતો કરી અને આમંત્રિત મહેમાનોને આવકાર્યા. ચેતનાબહેન પટેલ, શ્રુતિબેન મહેતા, રાજેશ્વરીબહેન પટેલે પણ ગુરુ-માહાત્મ્યની વાતો કરી. વેમારથી પધારેલ ચંદ્રકાંતભાઈ પટેલે સદ્ગુરુ સાધુ

પૂ. અશ્વિનદાદાની ગુરુભક્તિનાં સુંદર દર્શન કરાવ્યાં. અંતે પ્રાદેશિક સાધુ પૂ. સતીશદાસજીએ ગુરુનું જીવનમાં માહાત્મ્ય અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોની જણાવ્યા. સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. મણિદાસજી, પંકજભાઈ પટેલ, ડૉ. પાર્થિવભાઈ મહેતા, રાધામાસી (ધારી), અમિતાબેન શાહ (ન્યૂઝીલૅન્ડ) આદિ મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ કીર્તન આરાધના તથા દિવ્ય સભાનો લાભ લીધો. ◆

## ગુરુપૂર્ણિમા ઉત્સવ

ભારતીય સંસ્કૃતિના મહામાંગલ્યપ્રદ ઉત્સવ ગુરુપૂર્ણિમાની ઉજવણી અષાઢ સુદ પૂર્ણિમા-૨૧ જુલાઈ ૨૦૨૪, રવિવારના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યમાં અત્યંત ભક્તિભાવપૂર્વક કરવામાં આવી. ગુરુનાં પૂજન કરવાના, ગુરુદક્ષિણા અર્પણ કરવાના, ગુરુમાહાત્મ્યમાં તરબોળ થવાના અને જીવનપર્યંત પ્રભુનું કાર્ય-પ્રભુની રીતે-પ્રભુને રાજી કરવાના ભાવ અને ઉમંગ સાથે ગુરુભક્તિ અદા કરવા દેશ-પરદેશથી ખૂબ મોટી સંખ્યામાં અક્ષરમુક્તો તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પધાર્યા. સૌ સંતો-ભક્તોના હૈયે ગુરુને વધાવવાનો ઉલ્લાસ અનેરો હતો ! 'યોગીપ્રસાદ'ના સભાખંડમાં ભક્તો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. મંચસજ્જા અદ્‌ભુત હતી ! શ્રી ઠાકોરજી મહારાજ સર્વ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિ સાથે અદ્‌ભુત દર્શન આપી રહ્યા હતા ! ભગવાન શ્રી સ્વામિનારાયણની પવિત્ર પ્રસાદીની ચરણપાદુકા પણ દિવ્ય દર્શન આપી રહી હતી. અનુપમ સૂરવૃંદના સંતો - યુવાનોએ ગુરુવંદના અર્પણ કરતાં કીર્તનોથી સભાનો શુભારંભ કર્યો.

સભાખંડના સૌથી પાછળના ભાગથી મંચ સુધીના મુખ્ય પથ પર કલાત્મક સુશોભિત રથમાં બિરાજમાન થઈને સંતભગવંત સાહેબજી સૌ



સુશોભિત રથમાં ગુરુપૂર્ણિમા ઉત્સવમંચ પર પધારતા સંતભગવંત સાહેબજી

ભક્તોના ભાવ ઝીલતા ઝીલતા મંચ પર પધાર્યા. યુવાનો દ્વારા ધ્વજ લહેરાવીને તેમજ સભાખંડમાં બિરાજમાન સર્વે અક્ષરમુક્તોએ હૃદયના ભાવ વહાવીને અત્યંત ભાવપૂર્વક સંતભગવંત સાહેબજીનાં સ્વાગત કર્યાં. શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોને વંદન કરી સંતભગવંત સાહેબજી નિજ આસન પર બિરાજ્યા. આ દરમિયાન ગુરુમાહાત્મ્યના શ્લોકોનાં ગાન દ્વારા વાતાવરણમાં અનેરી દિવ્યતા પ્રસરી ગઈ ! આ દર્શન અને અનુભવ અલૌકિક હતાં ! આ દિવ્ય પવિત્ર પ્રસંગે સૌ સંતો-ભક્તો વતી શ્રી ઠાકોરજી મહારાજ અને સર્વે ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓ, ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાસાદિક ચરણપાદુકા તેમજ સંતભગવંત સાહેબજી અને સૌ સદ્‌ગુરુ સંતોનાં પૂજન સાધુ પૂ. સૌમ્યદાસજી અને પૂ. શિલ્પદાસજીએ કર્યાં તથા સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. પંકજદાસજીએ પુષ્પહાર અર્પણ કરીને હૃદયવંદન ધર્યાં.

સભાસંચાલન કરતા સાધુ પૂ. સરજુદાસજીએ ગુરુપૂર્ણિમાના મહિમાની અને ૨૩ જુલાઈ ૨૦૨૪ના રોજ સંતભગવંત સાહેબજીના




ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યપર્વની ઉજવણી



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ગુરુપૂર્ણિમાના પાવનપર્વે શ્રી ગુરુપૂજન

પરદેશની ધર્મયાત્રાએ થનાર પ્રસ્થાન તેમજ તેઓ દ્વારા વિદેશમાં થનારાં ભક્તિ અને ધર્મકાર્યોની સુંદર વાતો કરી મહિમાનાં ગાન કર્યાં. સંતભગવંત સાહેબજી સાથે પરદેશની તીર્થયાત્રાએ પધારતા સંતો સાધુ પૂ. બિમલદાસજી અને પૂ. અર્પિતદાસજીને પણ ભાવભરી શુભેચ્છા–વિદાય અર્પવામાં આવી.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પ્રાસંગિક આશિષ પ્રવચન કરી સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાએ લખેલી પ્રાર્થનાનાં પઠન દ્વારા ગુરુપૂર્ણિમાના હાર્દને દૃઢ કરાવ્યો. 'તમારી મૂર્તિ વિના...' કીર્તન પદ ગાઈને તેઓએ સૌ વતીની પ્રાર્થના ગુરુચરણે ધરી. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ આપી સાંપ્રત સમયમાં સંતભગવંત સાહેબજીની આજ્ઞા પાળવા તત્પર યુવાનો અને ભક્તસમાજનાં સમર્પણની વાતો કરી. જીવનનું કેન્દ્ર ગુરુ બની રહે તે માટે બળ અને માર્ગદર્શન પ્રદાન કર્યાં.

ઈંગ્લૅન્ડથી પધારેલા અનુપમ સ્વજનશ્રી પ્રદીપભાઈ ધામેચાનું સ્વાગત કરાયું. તેઓએ પ્રાસંગિક પ્રવચન કરી સદાય માનરહિત બની રહેવાની આશિષયાચના કરી. સંતભગવંત સાહેબજીના સમાજ–ઉત્થાનના કાર્યને વર્ણવી અત્યંત આદરભાવે મહિમાગાન કર્યાં. આ પ્રસંગે દેશ–વિદેશનાં વિવિધ મંડળોના ભક્તો, યુવાનોએ પુષ્પહાર, કલગી, સ્મૃતિભેટ, પ્રાર્થનાભાવ સહિત હૃદયવંદના અર્પણ કરી.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને કહ્યું કે, 'શ્રી રામજીએ વશિષ્ઠજીને ગુરુ બનાવ્યા. શ્રી કૃષ્ણ ભગવાને સાંદીપનિ ઋષિને ગુરુ બનાવ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણના ગુરુ શ્રી રામાનંદ સ્વામી હતા; કારણ, ગુરુનું સ્થાન ઊંચું છે અને ગુરુ જીવનમાં અનિવાર્ય છે. આવા ગુણાતીત ગુરુ મળે ત્યારે જીવન બદલાય. આપણા ઈષ્ટદેવ આપણા માટે સર્વોપરી છે. એનો અર્થ એ છે કે, એમની આજ્ઞાનું પાલન જડબેસલાક કરીએ. એમને ઓશિયાળા ના કરીએ એવું આપણું વર્તન બનાવીએ. ગુરુ અને પ્રભુને રાજી કરવા સમર્પણભાવ કેળવીએ. બીજું બધું ગૌણ અને ગુરુ તથા પ્રભુ જ આપણા જીવનમાં મુખ્ય બની રહે તે ભાવ દૃઢ કરીએ.' ચાતુર્માસના નિયમો પાળવા, દેહ અને આત્માનાં તપ કરી ગુરુ અને પ્રભુભક્તિ કરવા બળિયા બનવા સંતભગવંત સાહેબજીએ સૌને અદ્‌ભુત સમજ આપી. ગુરુઆશિષ પામી, અંતરમાં ધન્યતા માણી સૌએ ગુરુપૂર્ણિમાના ઉત્સવને ખરા અર્થમાં ઊજવ્યો. અંતે સૌ સંતો, ભાઈઓ અને બહેનોએ ગુરુપૂજન કરી, ગુણગ્રાહ્ય દૃષ્ટિ રાખવા, ગુરુ અનુવૃત્તિ અનુસાર જીવન બનાવવા, મહિમા પ્રસરાવવા રૂપી ગુરુદક્ષિણા અર્પણ કરી અલૌકિક ભક્તિ અદા કરી. ◆

## જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનાં ગૌરવ

અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનાં તેજસ્વી વિદ્યાર્થીઓ ચિ. યોજશ પટેલ અને ચિ. ક્રિષ્ના હરવાનીની ઑએસિસ ફાઉન્ડેશન, વડોદરા દ્વારા 'નચિકેતા' તરીકે પસંદગી થઈ અને વિશેષ બહુમાન કરાયાં.



ચિ. યોજશ પટેલ



ચિ. ક્રિષ્ના હરવાની

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, 'મને ૧૦૦ નચિકેતા આપો તો હું વિશ્વને બદલી દઉં.' આ ભાવ સાથે આજના યુગમાં આદર્શ નચિકેતા જેવા ગુણધારક યુવાઓની શોધમાં ઑએસિસ ફાઉન્ડેશન દ્વારા પ્રથમ વખત 'ઑએસિસ નચિકેતા અવૉર્ડ ૨૦૨૪'નું આયોજન કરાયું. સશક્ત રાષ્ટ્રનિર્માણ સારુ અનિવાર્ય લક્ષણો જેવાં કે, ગુણવાન, પ્રતિભાશાળી, સ્વતંત્ર અને હિંમતવાન વિચારો ધરાવતા, કુરૂઢિઓને પડકારનાર, સ્વનિર્ભરતા માટે ઉદ્યમ કરનાર, ધ્યેયસ્પષ્ટતા, નેતૃત્વક્ષમતા ધરાવતા યુવાઓ જ દેશને સકારાત્મક પ્રગતિના પથ પર પૂર્ણ વેગથી આગળ



ગુરુપૂર્ણિમાના મંગલકારી અવસરે શ્રી ગુરુને હૃદય–પ્રાર્થનાભાવ અર્પણ



ગુરુપૂર્ણિમા ઉત્સવની દિવ્ય સભામાં સાહેબજીનાં આશીર્દાન

વધારી શકે છે. તેવા યુવાઓની પસંદગી માટે ઑએસિસ ફાઉન્ડેશને ગુજરાતભરની અનેક શાળોઓનાં યુવાઓનો સંપર્ક કર્યો. તેવા સેંકડો યુવાઓમાંથી પસંદ કરાયેલાં ૮૨ યુવાનો-યુવતીઓની ચાણોદ ખાતે ૨૫થી ૩૧ જુલાઈ ૨૦૨૪ દરમિયાન સાત દિવસની એક શિબિર યોજી. તેમાંથી શ્રેષ્ઠ ગુણવાન ને પ્રતિભાસંપન્ન નચિકેતાઓ શોધવાની અનેકવિધ પદ્ધતિઓ અપનાવી. તે ૮૨ યુવાઓ પૈકી ૪૫ નચિકેતાઓ પસંદ થયા.

ઑએસિસ સંસ્થા દ્વારા નિયત માપદંડોમાં ખરા ઊતરેલા ૪૫ વિજેતાઓમાંના જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના બંને હોનહાર વિદ્યાર્થીઓની નચિકેતા પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી અને સાથે સાથે વિશેષ સન્માન કરાયાં. તેમને નકદ પુરસ્કાર ઉપરાંત ઉપયોગી પુસ્તકોની ભેટ સાથે જ્ઞાનયજ્ઞ વિદ્યાલયને પણ યુવાનો માટે પ્રેરક અનેક પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં. વિશેષ તો, આ બંને વિદ્યાર્થીઓ સંતભગવંત સાહેબજીના અને અનુપમ મિશનની અઠવાડિક સત્સંગસભાના યુવાનો, સત્સંગી માતા-પિતાનાં સંતાનો છે. અનુપમ મિશનમાં સંતોનાં સાંનિધ્યે સંસ્કારસિંચન પામી યુવાનો પ્રતિભાસંપન્ન થયાં છે તેમજ સંતભગવંત સાહેબજી દ્વારા સંસ્કારસંપન્ન આદર્શ યુવાસમાજનું સર્જન થયું છે તેના અનુભવ સૌને થયા. સદ્ગુરુ સંતોએ બંને વિજેતાઓ પર અંતરની પ્રસન્નતા વરસાવી શુભેચ્છાઓ પાઠવી. ◆


## ચૈતન્યજનની પ.પૂ. સોનાબા જયંતી

સત્સંગનાં ચૈતન્યજનની પ.પૂ. સોનાબાના પ્રાગટ્યદિનની ઉજવણી શ્રાવણ સુદ બીજ-૬ ઑગસ્ટના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ ખાતે સદ્ગુરુ સંતો પૂ. રતિકાકા અને પૂ. હર્ષદદાદાનાં સાંનિધ્યે કરવામાં આવી. આ નિમિત્તે શણગાર આરતી બાદ સ્થાનિક સૌ સંતો અને અક્ષરમુક્તો પ.પૂ. સોનાબાના સમાધિસ્થાને એકત્ર થયા. પૂ. સોનાબાનાં માહાત્મ્યનાં કીર્તનગાન બાદ સાધુ પૂ. અશ્વિનદાસજીએ પૂજન અને સાધુ પૂ. વાસુદેવદાસજીએ પુષ્પહાર અર્પણ કર્યાં. પ.પૂ. સોનાબાની આશિષ સરવાણીનાં શ્રવણ કર્યાં બાદ સૌ સંતો અને અક્ષરમુક્તોએ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી હૃદયવંદન ધર્યાં. આ પ્રસંગે સૌની આધ્યાત્મિક ઉન્નતિ માટે વિશેષ પ્રાર્થનાઓ અને ધૂન કરવામાં આવી. ◆

## શ્રદ્ધાંજલિ



**સાધુ પ.પૂ. આનંદપ્રસાદદાસજી (આચાર્ય સ્વામીજી) :** ગુરુદેવ યોગીજી મહારાજે ૧૯૬૧ની સાલમાં યુવાનોને ભાગવતી દીક્ષા આપી ૫૧ યોગેશ્વરો બનાવ્યા અને તેઓને મહંતસ્વામીજીની આગેવાની હેઠળ સાધુતા પ્રાપ્ત કરવાના માર્ગે દાદર મંદિરે મૂક્યા. પાયાના તે ૫૧ સંતો પૈકીના એક રત્નસમ સાધુ એટલે પ.પૂ. આચાર્ય સ્વામી. તેઓએ પ.પૂ. કાકાજી અને પ.પૂ. પપ્પાજીના વચને ગુરુદેવ યોગીજી મહારાજના સ્વરૂપમાં દૃઢ પ્રીતિ કરી જીવન સમર્પિત કર્યું. તેમજ પ.પૂ. હરિપ્રસાદ સ્વામી અને પ.પૂ. અક્ષરવિહારી સ્વામી સાથે પ્રથમ મૈત્રીભાવે અને પછી ગુરુભાવ સ્થાપી સાધના સંપન્ન કરી. સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના સૌ સદ્ગુરુ સંતો માટે પણ અપ્રતિમ આદરભાવનું દર્શન કરાવ્યું. સ્વરૂપોની આજ્ઞાથી ગામોગામ વિચરી ભક્તોને સત્સંગના પાઠ પાકા કરાવ્યા. અથાક સેવા, અખંડ ભજન અને નિરંતર માહાત્મ્યમાં મહાલી તેઓએ સાધુતા પ્રાપ્ત કરવાની અદ્ભુત પ્રેરણા સૌને આપી. છેલ્લાં કેટલાંક વરસોથી ગાના મુકામે 'પપ્પાજી તીર્થ'માં નિવાસ કરીને તે દિવ્ય સ્થાનને 'નૈમિષારણ્ય' સમાન બનાવ્યું. તેઓનો આત્મા ખૂબ બળિયો અને ભજન કરવાનું બળ તેઓ પાસે હતું તેથી બીમારીમાં દેહભાવને અવગણી પ્રભુભક્તિમાં જ રત રહ્યા. તેઓ ૧૮ જુલાઈ ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યા. પ્રભુનાં ગમતાંમાં જીવન જીવી લઈને પ.પૂ. આચાર્ય સ્વામીએ જીવતર ધન્ય કર્યું ! આવા આદર્શ સંતવર્યને વિદાયવેળાએ નમન ! ◆



**લિપ્સાબહેન નકારજા :** અનુપમ મિશન, ઈંગ્લૅન્ડના પ્રમુખ વિનુભાઈ નકારજાનાં સુપુત્રી લિપ્સાબહેન નકારજા ૪ ઑગસ્ટ ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. વિનુભાઈ નકારજા અને તેઓનાં ધર્મપત્ની સોનિયાબહેન અનુપમ મિશનના પાયાના નિષ્ઠાવાન સત્સંગી. સત્સંગનો આવો જ રંગ અને વારસો તેઓનાં દીકરી લિપ્સાબહેને પણ જાળવ્યો હતો. પ્રભુભક્તિ અને ગુરુભક્તિમાં તેઓ સહજ આનંદ અનુભવતાં. સંતભગવંત સાહેબજી, સદ્ગુરુ સંતો અને અનુપમ મિશનના પ્રત્યેક અક્ષરમુક્તો પ્રત્યે આભાર, પ્રેમ અને ભક્તિભાવનું દર્શન તેઓના વ્યક્તિત્વમાં છલકાતું. અચાનક જ ટૂંકા ગાળાની બીમારી બાદ તેઓએ અક્ષરધામની વાટ લીધી. ખૂબ નાની વયે તેઓએ લીધેલ વિદાયના આ પ્રસંગે વિનુભાઈ-સોનિયાબહેન અને પરિવારના મુક્તોએ જે સમતાનું દર્શન કરાવ્યું છે તે અદ્ભુત છે ! પ્રભુ પ્રત્યેના કર્તાપણાના ભાવને સ્વીકારી આ પરિવારે આદર્શ પૂરો પાડ્યો છે. પ્રભુપ્રેરણાથી લિપ્સાબહેને પણ આ જીવન દરમિયાન જે ભક્તિયાત્રા આરંભી તે આવનાર જન્મે પણ અવશ્ય આગળ વધશે તે શ્રદ્ધા છે અને તે જ ભાવથી તેમને અંતરની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. ◆



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે પૂ. અશ્વિનદાદા-પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીનું દિવ્ય સાંનિધ્ય



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજનમાં રત સંતો



ઍલનટાઉન, યુ.એસ.એ. મંદિરના પાટોત્સવ પર્વે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



પાટોત્સવની આરતી અર્પણ કરતા સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા



With the grace of Bhagwan Shri Swaminarayan, Anoopam Mission USA and the Mahotsav Committee cordially invite you to join us Santo and Aksharmukto in celebrating

SHRI SWAMINARAYAN MANDIR

# MURTI PRATISHTHA MAHOTSAV

MIDWEST PEORIA

with blessings and in the divine presence of

GURUHARI SANT BHAGWANT SAHEBJI MAHARAJ

## Program Highlights

| | | |
|---|---|---|
| SAT AUG 24 2024 | 9:00 AM | Youth Session |
| | 4:30 PM | Opening Ceremony |
| | 7:30 PM | Cultural Program |
| SUN AUG 25 2024 | 8:30 AM | Yagna Check-in |
| | 9:00 AM | Yagna Vidhi |
| | 4:30 PM | Shobha Yatra |
| | 7:30 PM | Bhajan Sandhya |
| MON AUG 26 2024 | 9:00 AM | Param Pujya Shantidada Pragatyadin Sabha |
| | 4:30 PM | Shri Akshar Purushottam Upasana in Shrimad Bhagwad Gita |
| TUE AUG 27 2024 | 8:00 AM | Murti Pratishtha |
| | 10:00 AM | Closing Ceremony |

We humbly request that you register online for this event using the link below before June 30, 2024.

**anoopam.org/mpmpm**

Anoopam Mission

Event Location: Three Sisters Park, 17189 IL-29, Chillicothe, IL 61523
Mandir Location: 7201 N Wescott Ct, Peoria, IL 61615

On behalf of Anoopam Mission USA and the Mahotsav Committee, Sadhu Jayeshdas, Dr. Jitubhai Patel (President, AMUSA), and Bimalbhai Sheth (Trustee, AMUSA)



પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી (ગુરુજી) અને દિલ્હીના સંતો-ભક્તોનાં બ્રહ્મજ્યોતિ પર સ્વાગત



સંતભગવંત સાહેબજી અને સેવક સંતોને વિદેશની ધર્મયાત્રાની વિદાય-શુભેચ્છા અર્પણ







હિંડોળા ઉત્સવ નિમિત્તે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર શ્રી ઠાકોરજીનાં શ્રી ચરણોમાં  કલાત્મક હિંડોળારૂપી ભક્તિ અર્પણ







અમદાવાદ, વેમાર તથા સુરત મંદિરે શ્રી ઠાકોરજીનાં શ્રી ચરણોમાં ભક્તિરૂપે સ્થાપિત મનોહર હિંડોર દર્શન


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-08-2024 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**